*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com


**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૨



વાહ! કેવા શોભી રહ્યા છે–આ સિદ્ધ ભગવાન! જ્ઞાનીઓ કહે છે કે એવો જ તારો આત્મા શોભી રહ્યો છે. અહા, જ્ઞાનીઓએ સિદ્ધ જેવો આત્મા આપણને આપ્યો, તો એના કરતાં મોટી મંગલ બોણી બીજી કઈ હોય?

અને

'તું સિદ્ધ થા' –એના કરતાં બીજા ઊંચા આશીર્વાદ કયા હોય?

સંતો પાસેથી આવી ઉત્તમ બોણી અને મંગલ આશીષ ઝીલીને આપણે આપણા સિદ્ધપદને સાધીએ......એ જ એક ભાવના.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર ❀ સંપાદક : બ્ર હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૫, આસો ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૬ : અંક ૧૨

श्री दि. जैन स्वाध्याय मंदिर ट्रस्ट, सोनगढ (सौराष्ट्र)

સંપાદકીય

# આપણે ઉજવીએ દીવાળી

'દીવાળી' એટલે દીપાવલી......દીપકોની હારમાળા વચ્ચે ઉજવાયેલો મહોત્સવ, -જેનું ખરું નામ છે નિર્વાણમહોત્સવ, અથવા મહાવીર ભગવાનની મુક્તિનો મંગલ મહોત્સવ.....જગતને વીરનાથના વીતરાગમાર્ગનો સન્દેશ આપનારું આ મંગલપર્વ અઢીહજાર વર્ષથી એકધારું ઉજવાતું રહ્યું છે.

આસો વદ અમાસનું એ ઝગઝગતું પરોઢિયું, માત્ર ઘીના દીપકોના પ્રકાશથી જ નહીં પરંતુ રત્નત્રયના વીતરાગી પ્રકાશથી ઝગઝગતું હતું......અને જગતને સન્દેશ આપતું હતું કે હે જીવો ! વીરનાથે પ્રકાશિત કરેલા રત્નત્રયમાર્ગને તમે અનુસરો....જે રત્નત્રયવડે વીરનાથે સિદ્ધપદ સાધ્યું તે રત્નત્રયના દીવડા તમે પણ આત્મામાં પ્રગટ કરો.

વીરપ્રભુની મુક્તિનો એ મંગલઉત્સવ સૌથી ઉત્કૃષ્ટપણે ઉજવ્યો ગૌતમગણધરે–આત્મામાં તે જ દિવસે જ્ઞાનના અનંત દીવડા પ્રગટ કરીને ! અનેક વીતરાગી સન્તોએ પણ રત્નત્રય–દીવડા પ્રગટ કરીકરીને એ મોક્ષમહોત્સવ પોતાના આત્મામાં ઉજવ્યો. આજે અખંડ કેવળજ્ઞાનદીવડો ભલે આપણી પાસે ન હોય, પણ એ જ મહાન દીવડામાંથી પ્રગટેલ શ્રુતજ્ઞાનનો દીવડો, સમ્યગ્દર્શનનો દીવડો–આજેય આપણને મોક્ષની પ્રસાદી આપે છે ને ભગવાનના આનંદની પ્રસાદી ચખાડે છે. –આપણે જઈએ એ વીરમાર્ગે, અને ઉજવીએ રત્નત્રયદીવડાના પ્રકાશવડે દીવાળી.

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
વર્ષ ૨૬ : અંક ૧૨

વીર સં. ૨૪૯૫
આસો

#卐 સમ્યગ્દ્રષ્ટિને વન્દના 卐

દશા હૈ હમારી એક ચેતના વિરાજમાન,
આન પરભાવનસોં તિહુંકાલ ન્યારી હૈ;
અપનો સ્વરૂપ શુદ્ધ અનુભવે આઠો જામ,
આનંદકો ધામ ગુણગ્રામ વિસતારી હૈ;
પરમ પ્રભાવ પરિપૂરણ અખંડ જ્ઞાન,
સુખકો નિધાન લખી આન રીતિ ડારી હૈ;
ઐસી અવગાઢ ગાઢ આઈ પરતીતિ જાકે,
કહે દીપચંદ્ર તાકો વંદના હમારી હૈ.
(જ્ઞાનદર્પણ : ૫)

“અમારી દશા એક ચેતનારૂપે વિરાજમાન છે, અને અન્ય પરભાવોથી ત્રણેકાળ જુદી છે” –એમ જે પોતાના સ્વરૂપને આઠે પહોર શુદ્ધ અનુભવે છે, આનંદના ધામ ગુણસમૂહનો જેણે વિસ્તાર કર્યો છે, પરમ પ્રભાવરૂપ પરિપૂર્ણ અખંડ જ્ઞાન અને સુખના નિધાનને દેખીને જેણે બીજી (પરભાવની) રીત છોડી દીધી છે, –આવી અવગાઢ દ્રઢ પ્રતીતિ જેને થઈ છે તેને અમારી વંદના છે, –એમ કવિ દીપચંદજી કહે છે.

# આત્મા અને અનાત્માનું સાચું જ્ઞાન

(મોક્ષમાર્ગમાં પાવરધા દિગંબર સન્તોએ બતાવેલો અપૂર્વ માર્ગ)

**સમ્યગ્દષ્ટિને રાગ નથી માટે બંધન નથી-એમ કહ્યું. સમ્યગ્દષ્ટિને રાગ કેમ નથી? કેમકે જ્ઞાનસ્વભાવનો જ તેને સ્વીકાર છે, તે જ્ઞાનના ભાવમાં રાગ નથી; અને જે જીવ જ્ઞાનભાવમાં રાગના અંશને પણ ભેળવે છે તે રાગી જીવ સમ્યગ્દષ્ટિ નથી. -એ વાત અહીં આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન કરાવીને આચાર્યદેવ સમજાવે છે.**

❀ જ્ઞાનસ્વભાવથી ભરેલું સ્વતત્ત્વ તે આત્મા છે.

❀ જ્ઞાન સિવાયના બીજા રાગાદિ ભાવો તે અજ્ઞાનમય છે એટલે અનાત્મા છે. રાગ તે જ્ઞાનમયભાવ નથી માટે તેને અજ્ઞાનમય કહ્યો.

❀ સાચો આત્મા કોને કહેવો? ને તે સિવાય અનાત્મા કોને કહેવો? તેનું યથાર્થ ભેદજ્ઞાન જીવે કદી કર્યું નથી.

❀રાગના અંશની સાથે પણ જેને એકતાબુદ્ધિ છે, રાગના એક કણને પણ જે જ્ઞાન સાથે ભેળસેળ કરે છે તે અજ્ઞાની છે, કેમકે તે અનાત્મભાવને આત્મામાં ભેળવે છે. જે જ્ઞાનમય ભાવ નથી તેને તે જ્ઞાનમય માને છે, તેથી તેને આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન નથી.

❀ જ્ઞાની તો આત્માને જ્ઞાનમય જ માને છે; જ્ઞાનમય એક ભાવમાં રાગાદિનો પ્રવેશ નથી. રાગ એટલે અનાત્મા, તેના પરિહાર વડે જ્ઞાનમય આત્માની સિદ્ધિ થાય છે. એ વાત ગાથા ૨૦૧–૨૦૨ માં કહે છે–

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,**
**તે સર્વ આગમધર ભલે પણ જાણતો નહિ આત્મને. ૨૦૧.**
**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો. ૨૦૨.**

❀ આમાં જ્ઞાન અને રાગના ભેદજ્ઞાનની અપૂર્વ વાત છે. જ્ઞાનીની પરિણતિ કેવી હોય ને અજ્ઞાનીની પરિણતિ કેવી હોય તે ઓળખતાં ભેદજ્ઞાન થાય છે.

❀ રાગ વખતે જ્ઞાનીની પરિણતિ જ્ઞાનપણે વર્તે છે; તે જ્ઞાનસ્વભાવમય પોતાને અનુભવતો હોવાથી તેને અણુમાત્ર પણ રાગ નથી. રાગ તો અનાત્મા છે, તેમાં જ્ઞાની પોતાપણે કેમ વર્તે ?

❀ શું જ્ઞાનીને રાગ નથી થતો ?

ના; જ્ઞાનીને જ્ઞાનમાં રાગ નથી થતો; રાગને રાગપણે તે જાણે છે પણ પોતાના જ્ઞાનમાં તે રાગને ભેળવતા નથી. એટલે રાગ તે તેના જ્ઞાનનું જ્ઞેય છે, પણ તે જ્ઞાનનું કાર્ય નથી, જ્ઞાનીનું જ્ઞાન રાગથી જુદું છે માટે જ્ઞાનીને રાગ નથી. અજ્ઞાની રાગ વખતે રાગથી જુદા જ્ઞાનને જાણતો નથી, રાગને જ પોતાના સ્વભાવ તરીકે અનુભવે છે, એટલે રાગથી જુદો કોઈ આત્મા તેને દેખાતો નથી. આ રીતે અજ્ઞાની જ રાગમાં પોતાપણે વર્તે છે; તેને આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન નથી.

❀ શાસ્ત્રના જ્ઞાનનું ફળ તો જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કરીને જ્ઞાનનું સેવન કરવું ને રાગનું સેવન છોડવું તે છે. એકલા શાસ્ત્રો ગોખી જાય ને શબ્દો ધારી લ્યે પણ અંદર આવું ભેદજ્ઞાન ન કરે, જ્ઞાનનો અનુભવ ન કરે, તો તેને ધર્મ થાય નહીં; શાસ્ત્રભણતરનું ખરૂં ફળ તેને આવે નહિ. ગાથા ૩૮૨ માં કહે છે કે–

આ જાણીને પણ મૂઢ જીવ પામે નહિ ઉપશમ અરે !
શિવબુદ્ધિને પામેલ નહીં એ પર ગ્રહણ કરવા ચહે.

જ્ઞાનનું પરદ્રવ્યોથી અત્યંત ભિન્નપણું બતાવ્યું; તે જાણીને પણ મૂઢ અજ્ઞાની જીવ ઉપશમભાવ કરતો નથી; ભેદજ્ઞાનરૂપ શિવબુદ્ધિને નહિ પામેલો તે જીવ પરદ્રવ્યને ગ્રહણ કરવા ચાહે છે. જ્ઞાનમાં રાગનું ગ્રહણ કરવા માંગે છે–તે જીવને શિવબુદ્ધિ નથી, ભેદજ્ઞાન નથી, મોક્ષમાર્ગ નથી.

❀ અરે, હું જ્ઞાનસ્વરૂપ આત્મા કેવો છું–એનો જેને અનુભવ નથી, રાગ વગરનું સ્વરૂપ કેવું છે તેની જેને ખબર નથી, રાગ અનાત્મા હોવા છતાં તેને આત્મભાવે જે અનુભવે છે તે અજ્ઞાની છે, જ્ઞાનસ્વરૂપે આત્માની સત્તા છે–તેનો તેને નિર્ણય નથી.

❀ રાગનું અસ્તિત્વ છે, તે રાગપણે છે પણ જ્ઞાનમાં રાગનું અસ્તિત્વ નથી. –આમ ધર્મી જીવ પોતાને રાગથી અત્યંત અભાવરૂપ એવી ચૈતન્યસત્તાપણે અનુભવે છે;

રાગને ચૈતન્યથી ભિન્ન સત્તાપણે જાણે છે. –આવું ભેદજ્ઞાન જેને ન હોય તે જીવ સમ્યગ્દ્રષ્ટિ નથી.

❁ સ્વરૂપે સત્તા, અને પરરૂપે અસત્તા–એવું એક વસ્તુનું સ્વરૂપ છે. પરરૂપને જો સ્વરૂપમાં ભેળવે તો તે જીવે વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી.

❁ આત્માને સ્વરૂપે સત્તા છે. 'સ્વરૂપે સત્તા' એટલે શું?

જ્ઞાન–આનંદરૂપ જે નિજસ્વભાવ તે સ્વરૂપ છે, તે જ્ઞાનાદિ–ભાવો સાથે આત્માને તન્મયતા છે, તેને આત્મા પોતાપણે અનુભવે છે; એટલે જ્ઞાનાદિ સ્વરૂપે આત્માને સત્‌પણું છે.

❁ અને આત્માને પરરૂપે અસત્તા છે. પરરૂપ એટલે શું? કે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માથી ભિન્ન જે કોઈ શરીરાદિક કે રાગાદિ ભાવો છે તે બધાય અનાત્મા છે, તે પરરૂપ છે, તેનાથી આત્માની સત્તા ભિન્ન છે. જો તે શરીરાદિથી તથા રાગાદિથી ભિન્નતા ન માને, ને તેને આત્મામાં ભેળવે, તો તે જીવે 'પરરૂપથી અસત્‌' એવા આત્માને જાણ્યો નથી; એટલે પરથી જુદા સ્વરૂપે આત્માની સત્તા કેવી છે તે પણ તેણે જાણ્યું નથી, તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે; તેને આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન નથી.

❁ આત્મા અને અનાત્માનું યથાર્થ ભેદજ્ઞાન કરીને જેણે સમ્યગ્દર્શન કર્યું તેણે આત્મામાં મોક્ષના માંડવા નાંખ્યા.

❁ અહા, મોક્ષમાર્ગમાં પાવરધા એવા દિગંબર સંતોએ આ મોક્ષમાર્ગ બતાવ્યો છે. રાગનો એક કણિયો પણ આત્માના જ્ઞાનભાવમાં નથી; જ્ઞાનમયભાવ રાગથી સર્વથા જુદો છે.

❁ આત્માના સ્વભાવનો અનુભવ કરતાં તેમાં જ્ઞાનની અસ્તિ અને રાગની નાસ્તિ, –એમ અસ્તિ–નાસ્તિનું જ્ઞાન એક સાથે જ છે. 'જ્ઞાનની અસ્તિ' જાણી અને તે વખતે 'જ્ઞાનમાં રાગની નાસ્તિ' જાણવાનું બાકી રહી ગયું–એમ નથી. જેણે રાગની નાસ્તિને જાણી નથી તેણે જ્ઞાનની અસ્તિને પણ નથી જાણી.

❁ જ્ઞાન કહો કે આત્મા કહો; રાગ કહો કે અનાત્મા કહો;–એવા આત્મા અને અનાત્માની જુદાઈને જે નથી જાણતો તેને જીવ અને અજીવનું ભેદજ્ઞાન પણ નથી. જેને જીવ–અજીવની ભિન્નતાનું ભાન ન હોય તે સમ્યગ્દ્રષ્ટિ કેવો? તે તો પોતાને રાગીપણે જ અનુભવતો થકો મિથ્યાદ્રષ્ટિ છે.

❁ જ્ઞાન અને રાગની ભેળસેળ નથી, એટલે કે નિશ્ચય અને વ્યવહારની ભેળસેળ નથી. રાગને રાગપણે જાણે; એટલે કે જે કોઈ રાગભાવ (છેલ્લામાં છેલ્લા ગુણગુણીભેદના વિચારરૂપ રાગ) છે તે બધાયને બાદ કરતાં, તેના અભાવરૂપ શુદ્ધ જ્ઞાનસત્તા છે; પણ જો રાગના કોઈપણ અંશને રાગરૂપે ન જાણતાં તે રાગના અંશને જ્ઞાન સાથે મેળવે, કે તે રાગઅંશને જ્ઞાનનું સાધન માને, તે રાગમાં શાંતિ માને, –તો તે જીવે રાગ વગરના શુદ્ધજ્ઞાનને જાણ્યું જ નથી. –તેને નથી તો રાગનું સાચું જ્ઞાન, કે નથી જીવના જ્ઞાનસ્વભાવનું સાચું જ્ઞાન;–જીવ–અજીવના જ્ઞાન વગરનો તે મિથ્યાદ્રષ્ટિ છે.

❁ અરે જીવ! તારું સાચું સૌભાગ્ય તો એમાં છે કે રાગ અને જ્ઞાનની અત્યંત ભિન્નતા જાણીને, આનંદરૂપ ભેદજ્ઞાન પ્રગટ કર. શુદ્ધજ્ઞાનમાંથી રાગની ગંધ પણ કાઢી નાંખ. ૨૧ પ્રકારના ઉદયભાવોનો કોઈ અંશ જ્ઞાનમાં નથી. આવા જ્ઞાનને સમ્યગ્દ્રષ્ટિ અનુભવે છે. આવું શુદ્ધજ્ઞાન તે નિજપદ છે, ને બીજા બધાય પર પદ છે એમ હવેના કળશમાં કહેશે.

## 卐 ભેદવિજ્ઞાનને અભિનંદન 卐

અંતર્મુખ વળેલા ઉપયોગમાં આત્મા છે. નિર્મળપર્યાયના આધારે આત્મા કહ્યો, એટલે અભેદપણે તે નિર્મળપર્યાયને આત્મા જ કહ્યો. સંવર–નિર્જરારૂપ નિર્મળપર્યાયમાં આત્મા અભેદ છે, તેથી તેના આધારે જ આત્મા કહ્યો. દ્રવ્ય અને પર્યાય અભિન્ન છે. નિર્મળપર્યાયરૂપ ઉપયોગ છે તે ક્રોધથી ભિન્ન છે ને આત્મસ્વભાવથી અભિન્ન છે. ક્રોધમાં આત્મા નથી ને આત્મામાં ક્રોધ નથી; ઉપયોગપર્યાયમાં આત્મા છે ને આત્મામાં તે ઉપયોગ છે. ઉપયોગ અંતર્મુખ થઈને આત્માને અભેદપણે અનુભવે છે, તેમાં આત્માની પ્રસિદ્ધિ છે, પણ તેમાં ક્રોધાદિની ઉત્પત્તિ નથી. આ રીતે ઉપયોગને અને ક્રોધાદિને અત્યંત ભિન્નપણું છે –એવું ઉત્તમ ભેદજ્ઞાન સિદ્ધ થયું. આવું ભેદજ્ઞાન તે સંવર છે, ને તે મોક્ષનો ઉપાય છે. તેથી આચાર્યદેવે સંવર–અધિકારની શરૂઆતમાં તે ભેદવિજ્ઞાનની પ્રશંસા કરીને તેને અભિનંદ્યું છે.

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ❀ ( જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ ) ❀

પ્રશ્નઃ– છઠ્ઠા–સાતમાગુણસ્થાનવર્તી દિગંબર મુનિ અત્યારે હશે ખરા ?

ઉત્તરઃ– હા; આજે પણ છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝૂલી રહેલા કરોડો દિગંબર મુનિવરો આ મનુષ્યલોકમાં સાક્ષાત્ વિચરી રહ્યા છે, તે બધાય પરમેષ્ઠી ભગવંતો છે; તેમને નમસ્કાર હો.

પ્રશ્નઃ– પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ તેમાંથી કયા વેદે મોક્ષ થાય ?

ઉત્તરઃ– ત્રણમાંથી એક્કેય વેદે મોક્ષ ન થાય, વેદરહિત એવી અવેદદશાથી મોક્ષ થાય. વેદ તે ઉદયભાવ છે તેનાથી મોક્ષ થઈ શકે નહિ, પણ તેના ક્ષયથી મોક્ષ થાય. વિશેષમાં એટલું સમજવું કે તદ્ભવમોક્ષગામી જીવને અંદરના ભાવવેદમાં નવમાગુણસ્થાન સુધી ત્રણમાંથી કોઈપણ વેદ સંભવે છે. પણ શરીરના દ્રવ્યવેદમાં તો તેને પુરુષવેદ જ હોય છે. આ બંને પ્રકારના વેદનો અભાવ થઈને મોક્ષદશા થાય છે.

❀ દિવાળીનું પર્વ આપણે શા માટે ઉજવીએ છીએ ?

આપણા અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન મોક્ષ પધાર્યા તેની મંગલ યાદી માટે દીવાળી પર્વ ઉજવાય છે. દીવાળી એ મોજશોખનું પર્વ નથી પણ ‘**મોક્ષની ભાવનાનું** મહાન પર્વ’ છે. ૨૪૯૫ વર્ષ પહેલાં બિહારપ્રાંતના પાવાપુરીના ઉદ્યાનમાં મહાવીર પ્રભુ આસો વદ અમાસના વહેલા પરોઢિયે મોક્ષ પધાર્યા; તે વખતે દીપકોની આવલિ ( હારમાળા ) વડે ત્યાં મોક્ષનો ઉત્સવ ઉજવાયો. ‘દીપ–આવલિ’ એટલે દીપાવલિ, તેનો અપભ્રંશ તે દીવાળી. દીવાળી પર્વ એટલે મોક્ષનું પર્વ.

❀ શુભરાગ અને પુણ્યના ભાવ તે કષાય છે કે અકષાય ?

તે કષાય છે.

❀ તો જે કષાય હોય તેનાથી ધર્મ થાય કે ન થાય ?

કષાયથી ધર્મ ન જ થાય; ધર્મ તો અકષાય વીતરાગભાવ છે.

પ્રશ્નઃ– આત્માને માટે યુવાનીનો કાળ ક્યો કહેવાય ?

ઉત્તર– આત્માની ઉગ્ર આરાધનારૂપ મુનિદશાનો જે કાળ છે તે આત્માના ધર્મને માટે યુવાનીનો ઉત્તમ કાળ છે. ધર્મની શરૂઆતનો કાળ ( એટલે કે ચોથું ગુણસ્થાન ) તે ધર્માત્માનો બાલ્યકાળ છે; અને કેવળજ્ઞાન પ્રગટે તે ધર્મની પ્રૌઢદશા છે. –આ રીતે ધર્મીની ત્રણ દશા છે.

- મુંબઈથી શ્રી મૂલચંદભાઈ તલાટીએ 'દિ. જૈન રત્નત્રયદર્શનના તત્ત્વામૃત' પ્રત્યે પ્રમોદ વ્યક્ત કરીને કેટલાક વચનામૃત લખી મોકલ્યા છે, અને આ રીતે અવારનવાર તેઓશ્રી પોતાનો ઉલ્લાસ તથા તત્ત્વપ્રેમ વ્યક્ત કરે છે. તેઓ લખે છે કે–
  - ભૂતાર્થનયના ભાનથી ભવ્યો તરે ભવભ્રમણથી,<br>વ્યવહારનયના આશ્રયે છૂટે નહીં ભવચક્રથી.
  - પર્યાયદ્રષ્ટિએ જીવની પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં, દ્રવ્યદ્રષ્ટિએ શુદ્ધનયથી આત્મા રાગાદિથી અત્યંત ભિન્ન, અવિનાશી અને મુક્ત છે –એવું ભેદજ્ઞાન સમ્યગ્દ્રષ્ટિને નિરંતર વર્તે છે, અને મુમુક્ષુને એ જ ઉપાદેય છે.
- સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વિના નિર્ગ્રંથદશા ઉપલબ્ધ નથી; બાહ્ય–અંતર નિર્ગ્રંથદશા વગર મુક્તિ નથી. વીતરાગ જૈનદર્શનમાં રત્નત્રયધર્મ જ મોક્ષમાર્ગ છે. પૂ. ગુરુદેવ અનેક વર્ષોથી અમૃતવાણીની વર્ષા વડે જૈનદર્શનના આવા અપૂર્વ આધ્યાત્મિક તત્ત્વોનું જ્ઞાન કરાવી રહ્યા છે.
- અમેરિકાના સભ્ય શ્રી મધુબેન જૈન, પોતાના જન્મદિવસ પ્રસંગે ગુરુદેવ પ્રત્યે ભક્તિ વ્યક્ત કરે છે અને બાલવિભાગના સભ્ય ભાઈ–બહેનો પ્રત્યે શુભેચ્છા સહિત ૨૮ મા જન્મદિન નિમિત્તે રૂા. ૨૮ મોકલે છે. હજારો માઈલ દૂર, અને અમેરિકા જેવા દેશમાં રહ્યા છતાં ભારતના ઉત્તમ ધર્મસંસ્કારોને આપણા સભ્યો ભૂલતા નથી, એ પ્રશંસનીય છે.
- બાલવિભાગની યોજનાઓ અને તેમાં અપાતા ઈનામોના પુસ્તકો વગેરેથી ખુશી થઈને એક મુમુક્ષુબેન તરફથી રૂા. ૨૫ ) તથા પાલેજના ઈલાબેન મનસુખલાલ તરફથી રૂા. ૧૫ ) અને એક મુમુક્ષુ તરફથી રૂા ૧૦ ) આવેલ છે. ગત માસની ઈનામી યોજનામાં ભાગ લેનાર ૪૦૦ સભ્યોને "ભગવાન ૠષભદેવ" નું પુસ્તક મોકલવા માટે આ રકમોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**જ્ઞાનચક્ષુ :–**

પોતાના નિજપરમાત્મતત્ત્વને દેખતાં સાચા જ્ઞાનચક્ષુ ખુલે છે.<br>જ્ઞાની જ્ઞાનચક્ષુ વડે પોતાના અંતરમાં પરમાત્માને દેખે છે.

- મદ્રાસથી શાંતિભાઈ એમ. ભાયાણી લખે છે કે અમે તા. ૧૨–૧૦–૬૯ ના રોજ બે બસ કરીને ૯૦ ભાઈબહેનો પોન્નૂરમલાઈ કુંદકુંદપ્રભુની તપોભૂમિનાં દર્શને ગયા હતા, ને ઘણા જ ઉલ્લાસથી દર્શનભક્તિ કર્યા હતા. ગુરુદેવે યાત્રા વખતે કુંદકુંદપ્રભુની જે ભક્તિ ગવડાવેલી તે જ ભક્તિ આત્મધર્મમાંથી સૌ મુમુક્ષુઓએ કરી હતી, ને તે ભક્તિથી સાક્ષાત્ મુનિરાજના દર્શન જેવા ભાવો ઉલ્લસતા હતા; ગુરુદેવના પ્રતાપે આવી તપોભૂમિની યાત્રા થઈ ને મુનિરાજની ઓળખાણ થઈ તેથી સૌ પોતાને ધન્ય માનતા હતા ને ભક્તિરસમાં તરબોળ બન્યા હતા. નીચેની તળેટીમાં નવી મોટી ધર્મશાળા મદ્રાસી મુમુક્ષુભાઈઓ બંધાવી રહ્યા છે, તેનું કામ ચાલુ છે. જૈનબાળપોથીના તાલીમ ભાષાંતર માટે પ્રયત્ન કરી રહ્યા છીએ.

## એક હરિજન ભાઈનો ભક્તિભરેલો પત્ર

પૂ. ગુરુદેવના પ્રતાપે આત્મધર્મ દ્વારા અને બાલવિભાગ દ્વારા હરિજન બંધુઓ પણ કેવા સરસ ધાર્મિક સંસ્કાર મેળવે છે–તે અહીં રજૂ થતા તેમના એક પત્ર પરથી ખ્યાલમાં આવશે. પત્ર લખનાર ભાઈ બગદાણા (તળાજા) ના છે, તેમનું નામ છે સત્યદેવ જૈન. તેમની સાથે બીજા પણ પચાસ ઉપરાંત ભાઈઓ તત્ત્વજ્ઞાનમાં રસ લઈ રહ્યા છે. તેઓ લખે છે– 'પૂજ્ય સ્વામીજીની અથાગ કૃપાથી જે વસ્તુસ્વરૂપ સમજાયું છે તે તો અપૂર્વ છે; જેના લક્ષે પુરુષાર્થ સિદ્ધ કરી સ્વરૂપમાં રમણતા વધારી, જ્ઞાનીઓ જે મોક્ષમાર્ગે જઈ રહ્યા તે જ માર્ગે આજે ભારતભરના મુમુક્ષુઓ વિચરી રહ્યા છે. તે માર્ગને શાંતિનો કે સુખનો માર્ગ કહી શકાય. તેવા માર્ગે ચાલતાં શીખવી આજે અધ્યાત્મયોગી શ્રી પૂ. કાનજી સ્વામીએ જૈનસમાજ ઉપર તો મહાન ઉપકાર કર્યો છે. તેમજ અમારા હરિજનકુળમાં પણ પૂજ્ય સ્વામીજીના પ્રવચનો દ્વારા ઘણા ભક્તો એ જ માર્ગે આગળ વધી રહ્યા છે. અમારા હરિજનકુળમાં પણ ગુરુદેવનો મહાન ઉપકાર છે. આજે પંચમકાળમાં મનુષ્યને પોતાના કર્તવ્યની ખબર નથી; પોતાનું કર્ત્તવ્ય શું હોઈ શકે તેનો વિચાર જીવે કદી કર્યો નથી. આજે પૂજ્ય સ્વામીજીની અથાગ કૃપાથી પોતાના નિજસ્વરૂપની ઓળખાણ કરી સ્વઘરમાં વસી ભક્તો જૈનમાર્ગે જઈ રહ્યા છે, તે બદલ ધન્યવાદ. –શ્રી સત્યદેવ જૈન અને બીજા ભક્તો.

(આ હરિજન ભક્તો સોનગઢથી વીતરાગી જૈનસાહિત્ય મંગાવીને પ્રેમપૂર્વક તેનો અભ્યાસ કરે છે. હરિજન હોવા છતાં હરિના સાચા માર્ગ પ્રત્યે–વીતરાગમાર્ગ પ્રત્યે તેઓ આકર્ષાયા–તે ખરેખર તેમનું મહાન ભાગ્ય છે. આ સિવાય ઉમરાળાના અનેક હરિજન ભાઈઓ પણ તત્ત્વજ્ઞાનમાં રસ લઈ રહ્યા છે) તે સૌને ધન્યવાદ. (સંપાદક)

(હરિજન ભાઈના આ પત્ર ઉપરથી એ પણ ખ્યાલ આવશે કે બાલવિભાગને લગતા સાહિત્યના વિકાસની કેટલી જરૂર છે!)

❀ રાજકોટથી સ. નં. ૨૨૭૨ રૂપાબેન જૈન લખે છે કે–પૂ. ગુરુદેવના પ્રતાપે રાજકોટમાં અમ બાલમિત્રો માટે પાઠશાળા શરૂ થઈ છે; ત્યાં ધર્મ શીખવા માટે જાઉં છું; અભ્યાસમાં બહુ રસ આવે છે ને રોજ ભગવાનના દર્શન પણ થાય છે. ભગવાનના દર્શન કઈ રીતે કરવા તે અમને શીખડાવે છે; તેમજ જીવ કોને કહેવાય ને અજીવ કોને કહેવાય તે પણ હવે ખબર પડે છે. અમને ભણવામાં બહુ મજા આવે છે.

(બીજા ગામના આગેવાનો બાળકોને આવું ભણતર ક્યારે આપશે?)

---

❀ સિદ્ધપર્યાયને અને દ્રવ્યસામાન્યને એક સમયનો તાદાત્મ્ય સંબંધ છે.

❀ ગુણ–ગુણીને નિત્ય તાદાત્મ્ય સંબંધ છે.

❀ જ્ઞાનને અને રાગને તાદાત્મ્યસંબંધ નથી પણ ભિન્નતા છે.

## ભેદજ્ઞાનની અચ્છિન્ન ધારા ( સમયસાર કળશ ૧૨૭ ના પ્રવચનમાંથી )

**શ્રી ગુરુ કહે છે કે આત્માનો અનુભવ કરવાનો આ મોકો છે.**

- રાગથી જુદા પડેલા જ્ઞાનવડે આત્માનો અનુભવ થાય છે. ભિન્ન લક્ષણ જાણીને ભેદજ્ઞાનવડે આવો અનુભવ કરવો તે સંવરધર્મ છે.

- રાગવડે શુદ્ધઆત્મા અનુભવમાં નથી આવતો, રાગથી જુદા જ્ઞાનવડે એટલે કે ભેદજ્ઞાનવડે શુદ્ધઆત્મા અનુભવમાં આવે છે.

- રાગની ધારાથી જુદી એવી પવિત્ર જ્ઞાનધારાવડે જે અછિન્નપણે આત્માને અનુભવે છે તે શુદ્ધઆત્માને પ્રાપ્ત કરે છે એટલે કે શુદ્ધ જ્ઞાન–આનંદમય દશા તેને પ્રગટે છે.

- શુદ્ધઆત્મામાં રાગાદિ ભાવો નથી, એટલે શુદ્ધઆત્માના અનુભવમાં રાગાદિ ભાવો પ્રગટતા નથી.

શુદ્ધઆત્મા જ્ઞાન–આનંદથી ભરેલો છે, એટલે શુદ્ધઆત્માના અનુભવમાં જ્ઞાન–આનંદના ભાવો જ પ્રગટે છે.

- જ્યાં જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કર્યો ત્યાં રાગની અનાદિની સંતતિ તૂટી, રાગથી જ્ઞાન જુદું પડી ગયું, એટલે મિથ્યાત્વની ધારા ( જે અનાદિની અછિન્ન હતી તે ) છિન્ન થઈ ગઈ, અને રાગથી જુદી એવી અપૂર્વ જ્ઞાનધારા પ્રગટી; તે અછિન્નધારાએ શુદ્ધઆત્માને અનુભવતી થકી કેવળજ્ઞાન લેશે.

- જેમ પર્વત ઉપર વીજળી પડી ને બે કટકા થયા તે પાછા સંધાય નહીં; તેમ શુદ્ધઆત્માના નિર્વિકલ્પ અનુભવરૂપી વીજળી પડી ને રાગ તથા જ્ઞાનની એકતા તૂટીને બે કટકા થયા, તે ફરીને એક થાય નહીં. રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન થયું તેને રાગ સાથે એકતાબુદ્ધિ થાય નહીં. આવા ભેદજ્ઞાનની અચ્છિન્નધારાવડે કેવળજ્ઞાન થાય છે.

- ભેદજ્ઞાન વગર રાગનો જ અનુભવ કરી કરીને જીવ દુઃખી થયો છે. ભેદજ્ઞાનવડે રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ કરતાં જ જીવ આનંદિત થાય છે. તેથી કહ્યું કે– ‘આત્મા ઉપયોગસ્વરૂપ જ રહ્યો છે, રાગરૂપ થઈ ગયો નથી.’ –આવું ભેદજ્ઞાન કરીને

હે સત્પુરુષો ! તમે પ્રસન્ન થાઓ....આનંદિત થાઓ. ભેદજ્ઞાન થતાંવેંત આનંદસહિત આત્માનો અનુભવ થાય છે. આવો અનુભવ તે મોક્ષનું કારણ છે.

❀ હે જીવ ! પ્રજ્ઞાછીણીવડે એકવાર રાગને મારી નાંખ ને જ્ઞાનને જીવતું કર. રાગ સાથે એકતાબુદ્ધિથી તારું ભાવમરણ થાય છે, તે ભાવમરણથી બચવા માટે રાગને મારી નાંખ એટલે કે તેને આત્માથી જુદો કરી નાંખ; રાગ સાથે એકતા કરનારો જે મિથ્યાત્વરૂપી યોદ્ધો, તેને ભેદજ્ઞાનરૂપી બાણ વડે મારી નાંખ ને ઉપયોગસ્વરૂપ આત્માને જીવતો કર, –શ્રદ્ધામાં લે, અનુભવમાં લે.

❀ ધ્રુવ ચિદાનંદસ્વભાવ તરફ વળેલું ધારાવાહીજ્ઞાન શુદ્ધઆત્માને અનુભવતું થકું નિજસ્વરૂપમાં વિશ્રામ કરે છે. આત્મ–આરામ એટલે આત્માનો બાગ, આત્માના આનંદનો બગીચો, તેમાં લીન થઈને જ્ઞાન શુદ્ધઆત્માને અનુભવે છે. –આવા અનુભવનું નામ સંવર છે; તેમાં રાગાદિનો અભાવ છે, કર્મનો અભાવ છે.

❀ આરામ કહો કે આનંદ કહો, તે આત્માના અનુભવમાં પ્રગટ થાય છે. શુભાશુભ પરભાવો તે તો થાક છે, દુઃખ છે, તેમાં જીવને આરામ નથી, શાંતિ નથી. રાગથી પાર એવું જે ચૈતન્યસ્વરૂપ તેમાં નિશ્ચલ રહેનારું ધારાવાહી જ્ઞાન, તે જ આત્મ–આરામમાં કેલિ કરનારું છે; તેમાં જ શાંતિ ને આનંદ છે.

❀અતીન્દ્રિય ચૈતન્યનો સ્પર્શ કરતાં એટલે કે અનુભવ કરતાં રાગાદિ વિભાવો રોકાઈ જાય છે; એટલે પર–પરિણતિ દૂર થઈને શુદ્ધ જ્ઞાનપરિણતિ પ્રગટે છે; તે સ્વસન્મુખ પરિણતિ શુદ્ધઆત્માને જ પ્રાપ્ત કરે છે, રાગનો અંશ પણ તેમાં નથી.

❀ ભાઈ, આવા આત્માનો અનુભવ કરવાનો આ મોકો છે, અવસર છે; માટે તું વિભાવથી વિમુખ થઈને સ્વભાવની સન્મુખ થા; ધારાવાહી ભેદજ્ઞાનનો ઉદ્યમ કર.

❀ જેમ શાશ્વતી ગંગાનદીનો પ્રવાહ અચ્છિન્નધારાએ સદાય ચાલ્યા કરે છે તેમ ભેદજ્ઞાનરૂપી પવિત્ર ગંગા નદીનો જે પ્રવાહ ચૈતન્યના પહાડમાંથી નીકળ્યો તે અચ્છિન્નધારાએ કેવળજ્ઞાનસમુદ્રમાં જઈને ભળશે. –આવું ધારાવાહી ભેદજ્ઞાન પ્રગટ કરવું તે અપૂર્વ છે, તે જ કરવા જેવું છે. આવી ભેદજ્ઞાનધારા જીવને આનંદ પમાડનારી છે.

❀ એકલા શુદ્ધાત્માને સ્વજ્ઞેયપણે પકડીને નિર્વિકલ્પ ઉપયોગ ધારાવાહીપણે ટકી રહે તો અંતર્મુહૂર્તના અલ્પકાળમાં કેવળજ્ઞાન પામી જાય. અને નીચલી દશામાં સાધકને

ઉપયોગની નિર્વિકલ્પધારા ચાલુ રહેતી નથી પણ ભેદજ્ઞાનની અખંડધારા ચાલુ રહે છે, સવિકલ્પદશામાંય તેને ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે; આ રીતે અચ્છિન્ન ભેદજ્ઞાનધારા વડે અલ્પકાળમાં આત્માની પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરીને કેવળજ્ઞાન થાય છે.

❀ સમ્યગ્દ્રષ્ટિ કાંઈ સદાય નિર્વિકલ્પ અનુભવમાં ન રહી શકે; પરંતુ સવિકલ્પ દશા વખતેય તેનું સમ્યગ્દર્શન કે ભેદજ્ઞાન ખસે નહિ. શુભ કે અશુભ વખતેય તે શુભ–અશુભથી જુદી એવી જ્ઞાનધારા તેને વર્તે જ છે; શુભાશુભ વખતે કાંઈ જ્ઞાનધારા તૂટી જતી નથી, કે જ્ઞાનધારા પોતે મેલી થઈ જતી નથી. શુભાશુભ વખતે જ તેનાથી ભિન્ન શુદ્ધઆત્માનું જ્ઞાન વર્તે છે, તે કાંઈ અજ્ઞાન થઈ જતું નથી. –આવી અવિચ્છિન્ન જ્ઞાનધારા તેનું નામ ધર્મ છે, ને તે સંવર તથા મોક્ષમાર્ગ છે.

ભાવયેત્ ભેદવિજ્ઞાનં
ઇદં અચ્છિન્નધારયા;
તાવત્ યાવત્ પરાત્ચ્યુત્વા
જ્ઞાનં જ્ઞાને પ્રતિષ્ઠતામ્ !

આ ભેદવિજ્ઞાનને અચ્છિન્નધારાએ ત્યાંસુધી ભાવો કે જ્યાંસુધી પરથી ભિન્ન થઈને જ્ઞાન જ્ઞાનમાં જ સ્થિર થઈ જાય.

❀ આત્મધર્મનો આગામી અંક, એટલે કે નવા વર્ષ નો પહેલો અંક કારતક માસમાં ( તા. ૧૫–૧૧–૬૯ ના રોજ ) પોસ્ટ કરવામાં આવશે. દીવાળીનો ને નૂતનવર્ષનો મંગલ સન્દેશ મેળવવા આપનું લવાજમ વેલાસર ભરી દેશોજી. કારતક માસ પછીના અંકો પણ એ જ રીતે દર મહિને પંદરમી તારીખે પ્રગટ થતા રહેશે.

❀ આત્મધર્મના આ સાલના ભેટપુસ્તક ( જ્ઞાનચક્ષુ કે વીતરાગવિજ્ઞાન ) માટેના કૂપનો જેમની પાસે હોય તેમણે તે ભેટકુપનના પુસ્તકો દીવાળી પહેલાં ( તા. ૯–૧૧–૬૯ સુધીમાં ) મેળવી લેવાની વ્યવસ્થા કરવી; ત્યાર પછી તે ભેટપુસ્તકો આપવાનું બંધ થશે.

# વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોત્તરી

( ગતાંકથી ચાલુ )

૩૭૩. કીડી સાકર ખાતી હોય તે વખતે સુખી છે કે દુઃખી?
દુઃખી.

૩૭૪. અજ્ઞાની દેવો સ્વર્ગમાં અમૃતનો સ્વાદ લેતા હોય તે વખતે સુખી છે કે દુઃખી?
દુઃખી.

૩૭૫. જીવ સુખી ક્યારે?
સ્વભાવની નીરાકુળતાનો સ્વાદ લ્યે ત્યારે.

૩૭૬. સિદ્ધભગવંતોને બાહ્ય વિષયો વગર જ સુખ કેમ છે.
કેમકે સુખ આત્મામાંથી અનુભવાય છે, વિષયોમાંથી નહીં.

૩૭૭. બાહ્ય પદાર્થોને ભોગવવા કોણ ઈચ્છે? જે ઈચ્છાથી દુઃખી હોય તે.

૩૭૮. મોક્ષમાં સિદ્ધભગવાન શું કરે?
પોતાના આનંદને ભોગવે; પરનું કાંઈ ન કરે.

૩૭૯. સંસારી જીવો શું કરે છે?
અજ્ઞાન અને રાગ-દ્વેષ કરીને દુઃખને ભોગવે છે.

૩૮૦. ધર્મથી તીર્થંકરપ્રકૃતિ બંધાય છે?
ના; ધર્મીને તે રાગથી બંધાય, ધર્મથી નહીં.

૩૮૧. જીવને લાભ કેટલો?
સમ્યગ્દર્શનપૂર્વક જેટલી વીતરાગતા થઈ તેટલો.

૩૮૨. મુક્તજીવો એકબીજામાં ભળી જાય છે?
ના; દરેક જીવ જુદો પોતપોતાના સ્વરૂપમાં જ રહે છે.

૩૮૩. ઈશ્વર એટલે કોણ? ઈશ્વર કેટલા?
જે આત્માને પૂર્ણ શક્તિ પ્રગટી તે ઈશ્વર; ઈશ્વર અનંતા છે.

૩૮૪. આ આત્મા ઈશ્વર થઈ શકે?
હા; 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય.'

૩૮૫. મોક્ષના અતીન્દ્રિયસુખને ઓળખતાં શું થાય?
પોતામાં પણ તેવા અતીન્દ્રિયસુખનો સ્વાદ આવે.

૩૮૬. ઈન્દ્રિયજ્ઞાન વડે મોક્ષસુખને ઓળખી શકાય?
ના.

૩૮૭. શુભરાગને મોક્ષનું સાધન બનાવવા માંગે તો?
-તો તેને મોક્ષની, કે મોક્ષના સાચા ઉપાયની ખબર નથી.

૩૮૮. જીવે પૂર્વે કદી શેનું સેવન નથી કર્યું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું.

૩૮૯. શુક્લલેશ્યા ને શુક્લધ્યાન એમાં શું ફેર?
શુક્લલેશ્યા અજ્ઞાનીનેય હોય, શુક્લધ્યાન મુનિને જ હોય.

૩૯૦. શુક્લ કે કૃષ્ણ લેશ્યાપરથી જ્ઞાની–અજ્ઞાનીનું માપ થઈ શકે?

ના; લેશ્યા શુક્લ છતાં અજ્ઞાની પણ હોય, લેશ્યા કૃષ્ણ છતાં જ્ઞાની પણ હોય.

૩૯૧. કુદેવ–કુગુરુ–કુધર્મના સેવનથી શું થાય?

જીવનું ઘણું જ અહિત થાય; મિથ્યાત્વ પુષ્ટ થાય.

૩૯૨. કુગુરુ કોના જેવા છે?

પત્થરની નૌકા જેવા; પોતે ડુબે ને એનો આશ્રય લેનાર પણ ડૂબે.

૩૯૩. કલ્યાણનું મૂળ શું છે?

સાચા દેવ–ગુરુ–ધર્મને ઓળખીને તેનું સેવન કરવું તે.

૩૯૪. જૈનધર્મનું ગુરુપદ કેવું છે?

અહા, એ તો મહાન પવિત્ર પરમેષ્ઠીપદ છે, નિર્ગ્રંથ છે.

૩૯૫. તે ગુરુ શું કરે છે?

શુદ્ધરત્નત્રયથી આત્માના આનંદને અનુભવે છે.

૩૯૬. શું કુગુરુઓ જીવને ડુબાડે છે?

ના; પોતાના મિથ્યાભાવથી જ જીવ ડુબે છે.

૩૯૭. રાગથી ધર્મ મનાવે તે મહાવીરના માર્ગમાં છે?

ના; મહાવીરનો માર્ગ તો વીતરાગ છે.

૩૯૮. વીતરાગ અરિહંતદેવને ખરા નમસ્કાર ક્યારે થાય?

રાગનો રસ છોડીને વીતરાગભાવને આદરે ત્યારે.

૩૯૯. અરિહંત પરમાત્માની સાચી સ્તુતિ કોણ કરી શકશે? સમ્યગ્દ્રષ્ટિ.

૪૦૦. મિથ્યાદ્રષ્ટિજીવ અરિહંતની સાચી સ્તુતિ કેમ નહિ કરી શકે?

કેમકે અરિહંતના સાચા સ્વરૂપને તે ઓળખતો નથી.

૪૦૧ અરિહંતનું સાચું સ્વરૂપ ક્યારે ઓળખાય?

રાગથી જુદો પડી, પોતાના શુદ્ધસ્વરૂપ તરફ વળે ત્યારે.

૪૦૨ મહાવીર ભગવાન રાગથી ધર્મ માનતા હતા?

ના.

૪૦૩. તો જે રાગને ધર્મ માને તે મહાવીરને માને છે?

ના.

૪૦૪. તો મહાવીરને કોણ માને છે?

વીર થઈને વીતરાગમાર્ગને જે સાધે તે.

૪૦૫. જૈનસાધુઓ વસ્ત્ર પહેરે?

ના.

૪૦૬. વસ્ત્રવાળા સાધુ માનીએ તો શું વાંધો?

તો ગૃહીતમિથ્યાત્વ, અને કુગુરુસેવનનો દોષ લાગે.

૪૦૭. શ્રેણીકરાજાએ નરકનું આયુષ્ય કેમ બાંધ્યું?

મિથ્યાદ્રષ્ટિપણે નિર્ગ્રંથ મુનિ પર ઉપસર્ગ કર્યો તેથી.

૪૦૮. શ્રેણીકરાજાએ તીર્થંકર નામકર્મ ક્યારે બાંધ્યું?
સમ્યગ્દ્રષ્ટિપણે જ્યારે વીર પ્રભુના ચરણોમાં દર્શનશુદ્ધિ વગેરે ભાવના ભાવી ત્યારે.

૪૦૯. કુગુરુ આવે તો શું કરવું?
તો જાણવું કે આ સાચા ગુરુ નથી.

૪૧૦. પણ સામાને દુઃખ લાગે તો?
એના ભાવ એની પાસે રહ્યા, એમાં તારે શું? તું સમ્યક્ ભાવવડે તારું હિત કરી લે.

૪૧૧. દિગંબરમનુષ્ય પણ કુગુરુ હોય?
હા, જૈનધર્મથી વિરુધ્ધ પ્રરૂપણા કરે તો તે પણ કુગુરુ.

૪૧૨. આવી વાત શા માટે કરો છો?
સત્ય સમજીને જીવ પોતાનું હિત કરે તે માટે.

૪૧૩. ભગવાન ભક્તોને તારે ને રાક્ષસોને હણે–એ ખરૂં?
ના; એવા રાગ–દ્વેષનાં કાર્ય ભગવાન કરે નહીં.

૪૧૪. રામચંદ્રજી અને હનુમાનજી તેઓ ભગવાન હતા?
હા; તેઓ સર્વજ્ઞવીતરાગ થઈને મોક્ષ પામ્યા છે.

૪૧૫. રામ અને હનુમાનને પૂજી શકાય?
હા, તેમને વીતરાગસ્વરૂપે ઓળખીને પૂજાય.

૪૧૬. અરિહંત ભગવાનને કોઈ દોષવાળા માને તો?
તો કાંઈ ભગવાન દોષિત થઈ જતા નથી, પણ તે જીવને મિથ્યાત્વ થાય છે.

૪૧૭. દેવ એટલે કોણ?
દેવ એટલે સર્વજ્ઞ–વીતરાગ પદને પામેલા ભગવાન.

૪૧૮. પૂર્ણ સુખ ક્યાં હોય?
પૂર્ણ સુખ તો વીતરાગતા ને સર્વજ્ઞતામાં જ હોય.

૪૧૯. સર્વજ્ઞ–વીતરાગદેવે શું બતાવ્યું?
આત્માનો સર્વજ્ઞસ્વભાવ અને વીતરાગી મોક્ષમાર્ગ બતાવ્યો.

૪૨૦. ભવનાં દુઃખથી જેઓ ડરતા હોય તેણે શું કરવું?
કુમાર્ગ છોડીને સર્વજ્ઞદેવના વીતરાગ માર્ગને સેવવો.

૪૨૧. જિનપ્રતિમા કેવી કીધી છે.?
'જિનપ્રતિમા જિનસારખી,
ભાખી આગમમાંય'

૪૨૨. આખા જગતને જાણે પણ કરે નહિ કોઈનું–એ કોણ? સર્વજ્ઞદેવ.

૪૨૩. સર્વજ્ઞ–વીતરાગદેવને છોડીને મોહી જીવોને કોણ ભજે?
જે તીવ્ર મોહી હોય તે.

૪૨૪. સર્વજ્ઞદેવે કહેલી વસ્તુ કેવી છે?
અનેકાન્તરૂપ; દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ છે.

૪૨૫. સાચું જ્ઞાન કયું છે?
જ્ઞાન અને રાગની ભિન્નતાનું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે.

૪૨૬. મતિશ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન બંનેની જાત કેવી છે?
બંનેની જાત સરખી છે; બંને રાગ વગરનાં છે.

૪૨૭. શાસ્ત્રોનું ભણતર સાચું ક્યારે?
પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે ત્યારે.

૪૨૮. જ્ઞાનચેતના ક્યારે જાગે?
જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરે ત્યારે.

૪૨૯. જૈનશાસ્ત્રોનો સાર શું?
જ્ઞાનનો અનુભવ અર્થાત્ વીતરાગ–વિજ્ઞાન

૪૩૦. મોક્ષમાર્ગમાં વચ્ચે વ્યવહાર આવે–તે કેવો છે?
તે જાણવા યોગ્ય છે, આદરવાયોગ્ય નથી.

૪૩૧. આદરવાયોગ્ય શું છે?
પરમ જ્ઞાયકભાવ.

૪૩૨. આહારદાનથી મોક્ષ મળે?
ના; તેનું ફળ પુણ્ય છે, મોક્ષ નહીં.

૪૩૩. મોક્ષ શેનાથી મળે?
શુદ્ધ રત્નત્રયથી.

૪૩૪. ઓળખ્યા વગર અરિહંતદેવને માને તો?
ઓળખ્યા વગર મિથ્યાત્વ ન છૂટે ને સાચું હિત ન થાય.

૪૩૫. ધર્મીજીવ પોતાની પ્રસિદ્ધિ શેમાં કરે છે?
પોતાની નિર્મળપર્યાયમાં, તે બહારની પ્રસિદ્ધિને ચાહતા નથી.

૪૩૬. ચારિત્રવંત મુનિરાજ કેવા છે?
તે સિદ્ધપ્રભુના પાડોશી છે.

૪૩૭. મુમુક્ષુ જીવ શું કરે છે?
અનુભવ માટે નિજસ્વરૂપને અંતરમાં વારંવાર વિચારે છે.

૪૩૮. અત્યારે શેનો અવસર છે?
આત્માનું હિત કરવાનો આ ઉત્તમ અવસર છે.

૪૩૯. જીવને પરમ સુખ ક્યારે થાય?
સિદ્ધપદને પ્રગટ કરે ત્યારે.

૪૪૦. બીજી ઢાળના અંતમાં શું ભલામણ કરી છે?
अब आतम के हितपंथ लाग ।’
હે જીવ! હવે તું આત્મહિતના પંથમાં લાગ.


## આપના ઘરની શોભા!

માત્ર નજીવા ખર્ચમાં આપ આપના ઘરને શોભાવવા માંગો છો? હા.....તો ચાર રૂા. લવાજમ મોકલીને આત્મધર્મ મંગાવો, અને પછી જુઓ કે એક વર્ષ સુધી ઉત્તમ ધાર્મિક–સંસ્કાર વડે તમારું ઘર કેવું શોભી ઊઠે છે!

## સમ્યક્ત્વના આચરણરૂપ ચારિત્ર-તે પ્રથમ ચારિત્ર છે.
### ( અષ્ટપ્રવચન બીજા ભાગમાંથી એક ઉપયોગી પ્રકરણ )

ચારિત્રપ્રાભૃતમાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે રત્નત્રયની શુદ્ધતાને માટે બે પ્રકારનું ચારિત્ર છે. તે બે પ્રકાર કયા ?–

जिणणाणदिट्ठिसुद्धं पढमं सम्मत्तचरणचारित्तं।
विदियं संजमचरणं जिणणाणसंदेसियं तं पि।।५।।

પ્રથમ તો સમ્યક્ત્વના આચરણરૂપ ચારિત્ર છે–તે જિનદેવના જ્ઞાનદર્શનશ્રદ્ધાન વડે શુદ્ધ છે. બીજું સંયમના આચરણરૂપ ચારિત્ર છે–તે પણ જિનદેવના જ્ઞાનવડે દર્શાવેલું શુદ્ધ છે. સર્વજ્ઞભગવાને જેવું તત્ત્વનું સ્વરૂપ કહ્યું છે તેના જ્ઞાન–શ્રદ્ધાનપૂર્વક નિઃશંકતાદિ ગુણસહિત જે શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટે તેનું નામ સમ્યક્ત્વનું આચરણ છે. એવા સમ્યક્ત્વપૂર્વક સંયમની આરાધના તે ચારિત્રનું આચરણ છે. આવા બંને આચરણ તે રત્નત્રયની શુદ્ધીનું કારણ છે. આમ જાણીને શું કરવું ?–

एवं चिय णाऊण य सव्वे मिच्छत्तदोष संकाइ।
परिहरि सम्मत्तमला जिणभणिया तिविहजोएण।।६।।

ભગવાને કહેલા પૂર્વોક્ત બે પ્રકારનાં ચારિત્રને જાણીને મિથ્યાત્વ અને શંકાદિ દોષો તેમજ સમ્યક્ત્વને મલિન કરનારા અતિચાર–દોષો તેને ત્રિવિધયોગે છોડીને, સમ્યક્ત્વનું આચરણ કરવું. તે દોષો દૂર થતાં નિઃશંકતા વગેરે આઠ ગુણ સહિત સમ્યક્ત્વ–આચરણ પ્રગટ થાય છે. મોક્ષમાર્ગનું આ પહેલું આચરણ છે.

तं चैत्र गुणविसुद्धं जिनसम्यक्त्वं सुमोक्षस्थानाय।
तत् चरति ज्ञानयुक्तं प्रथमं सम्यक्त्वचरणचारित्रम्।।८।।

નિઃશંકતાદિ ગુણોથી વિશુદ્ધ એવું જે જિન સમ્યક્ત્વ, તેનું યર્થાથ જ્ઞાનસહિત આચરણ કરવું તે સમ્યક્ત્વ–આચરણ છે; ઉત્તમ મોક્ષસ્થાનની પ્રાપ્તિ માટે પ્રથમ આ સમ્યક્ત્વ–આચરણ ચારિત્ર છે. –આ રીતે મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા છે.

આવા સમ્યક્ત્વ–આચરણ સહિત જે સુવિશુદ્ધ સંયમનું આચરણ કરે છે તે અમૂઢદૃષ્ટિવંત જ્ઞાની અલ્પકાળમાં નિર્વાણને પામે છે. પરંતુ સમ્યક્ત્વના આચરણથી જે ભ્રષ્ટ છે એવો અજ્ઞાની મૂઢ જીવ વ્રતાદિ શુભરાગરૂપ સંયમનું આચરણ કરે તો પણ નિર્વાણને નથી પામતો. મિથ્યાત્વાદિ મોહનો જેને અભાવ હોય એવા જીવને જ ત્રણ ભાવરૂપ રત્નત્રયની શુદ્ધતા હોય છે, અને નિજગુણને આરાધતો થકો તે અલ્પકાળમાં કર્મનો પરિહાર કરે છે. આ રીતે સમ્યક્ત્વનું આચરણ કરનાર ધીરપુરુષો સંખ્યાત–અસંખ્યાત ગુણી નિર્જરા કરીને, સંસારદુઃખોનો ક્ષય કરે છે ને મોક્ષપદ પામે છે. માટે આવા સમ્યગ્દર્શનની આરાધના કરવી તે જિનભગવાનના ઉપદેશનો સાર છે.

ભગવાનના ઉપદેશને 'સમ્યક્ત્વપ્રધાનઉપદેશ' કહેવાય છે. ચારિત્રપ્રાભૃતમાં શ્રી કુંદકુંદપ્રભુએ સમ્યક્ત્વ–આચરણ અને સંયમ–આચરણ એમ બે પ્રકારનાં આચરણની જે વાત કરી છે તે વાત શ્રી તારણસ્વામીએ પણ શ્રાવકાચારમાં લીધી છે; તેમણે પણ વારંવાર સમ્યગ્દર્શનની પ્રધાનતા વર્ણવી છે.

સમ્યગ્દર્શન પોતે પોતાના અનુભવરૂપ છે. સમ્યગ્દર્શનમાં સહજરૂપ નિજતત્ત્વ સ્વયં અનુભવાય છે; તે અનુભવ પોતાથી થાય છે; તેમાં કોઈ બીજાનું આલંબન નથી, વિકલ્પ નથી. વાહ! જુઓ આ સમ્યગ્દર્શનનો મહિમા! સમ્યગ્દર્શન થતાં જગતની સર્વોત્કૃષ્ટ નિધિ પ્રાપ્ત થઈ. બુદ્ધિમાનોએ પ્રથમ ઉપદેશ સમ્યક્ત્વનો કરવો જોઈએ. સમ્યગ્દર્શન પહેલાં વ્રતાદિ હોય નહીં. આત્માર્થી જીવોએ પોતાના હિતને માટે પહેલાં આત્માની ઓળખાણનો પ્રયત્ન કરવો તથા તેનો ઉપદેશ સાંભળવો. સમ્યગ્દર્શનવડે શુદ્ધાત્માને અનુભવમાં લઈને પછી તેમાં એકાગ્ર થતાં શ્રાવકધર્મ કે મુનિધર્મ હોય છે; સમ્યગ્દર્શન વગર શ્રાવકધર્મ કે મુનિધર્મ હોય નહીં. માટે શુદ્ધસમ્યક્ત્વનો મહિમા વારંવાર ઘૂંટવા જેવો છે; સમ્યક્ત્વ જ ધર્મનું મૂળ છે. પણ લોકો સમ્યક્ત્વને ભૂલીને રાગની ક્રિયામાં ને બહારમાં ધર્મ માનીને રોકાઈ ગયા છે. આચાર્યદેવ કહે છે કે જે ગૃહસ્થ નિર્દોષ સમ્યક્ત્વનું પાલન કરે છે તે ધન્ય છે.

સમ્યગ્દર્શનની સાથે ધર્મીને જે નિઃશંકતાદિ આઠ અંગ છે તે જ તેનું ચારિત્ર છે, તેને સમ્યક્ત્વનું આચરણ કહેવાય છેઃ–

❀ જિનવચનમાં કહેલા વસ્તુસ્વરૂપમાં ધર્મીને કદી શંકા થતી નથી, એ નિઃશંકતા અંગ છે. નિઃશંક હોવાથી સાત પ્રકારના ભયવડે પણ તે નિજસ્વરૂપની શ્રદ્ધાથી ડગતા નથી, તેથી નિર્ભય છે. (૧)

❁ તેને ભોગોની આકાંક્ષા નથી તેથી તે નિષ્કાંક્ષ છે. ( ૨ )

❁ ધર્મ અને ધર્માત્માઓ પ્રત્યે તેને ગ્લાનિ નથી તેથી તે નિર્વિચિકિત્સ છે. ( ૩ )

❁ દેવ ગુરુ–ધર્મમાં કે વસ્તુસ્વરૂપમાં તેને મૂઢતા નથી તેથી તે અમૂઢદ્રષ્ટિવંત છે. ( ૪ )

❁ ધર્માત્માના દોષને ગૌણ કરીને ઉપગૂહન કરે છે ને ગુણની વૃદ્ધિ કરે છે તેથી તે ઉપગૂહનગુણસહિત છે. ( ૫ )

❁ પોતાને તેમજ બીજા ધર્માત્માને ધર્મની ડગવા દેતો નથી પણ ધર્મમાં સ્થિર કરે છે, એવું સ્થિતિકરણ અંગ છે. ( ૬ )

❁ રત્નત્રયધર્મ અને ધર્માત્માઓ પ્રત્યે વિશેષ પ્રીતિરૂપ વાત્સલ્ય છે. ( ૭ )

❁ પોતાની શક્તિ મુજબ ધર્મનો મહિમા પ્રગટ કરીને તેની પ્રભાવના કરે છે. ( ૮ )

–પોતાના શુદ્ધઆત્માની અનુભૂતિસહિત આવા આઠ અંગોનું પાલન કરવું તે સમ્યક્ત્વનું આચરણ છે. ચોથા ગુણસ્થાને ધર્મીને આવા સમ્યક્ત્વ–આચરણરૂપ પ્રથમ ચારિત્ર હોય છે. ત્યારપછી નિજસ્વરૂપમાં ઠરતાં મુનિદશારૂપ વીતરાગભાવ ખીલે ત્યારે સંયમના આચરણરૂપ બીજાું ચારિત્ર હોય છે. –આવા બંને ચારિત્ર તે મોક્ષનું કારણ છે. મુનિધર્મ કે શ્રાવકધર્મ બંનેમાં સમ્યગ્દર્શન તો મુખ્ય હોય જ છે. તે સમ્યગ્દર્શન શાશ્વતસ્વભાવના આશ્રયે થયેલું છે; સમ્યગ્દ્રષ્ટિનાં પરિણામ શુદ્ધ જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમય હોય છે. આવા શુદ્ધસ્વભાવના અનુભવનો વારંવાર અભ્યાસ કરવાથી જ્ઞાનમય શુદ્ધઆત્મા પ્રગટ થાય છે એટલે કે કેવળજ્ઞાન થાય છે.

## ચારિત્ર

સમ્યગ્દર્શન થઈ ગયું પછી ચારિત્રનું શું કામ છે? –સમ્યગ્દર્શનથી જ મોક્ષ થઈ જશે–એમ કહીને કોઈ ચારિત્રનો અનાદર કરે તો તે મિથ્યાદ્રષ્ટિ છે, સ્વછંદી છે. સમ્યગ્દર્શન પછી પણ ચારિત્રદશા અંગીકાર કરે ત્યારે જ મુક્તિ થાય છે; અને સમ્યગ્દ્રષ્ટિને તે ચારિત્રદશાની સદાય ભાવના રહે છે કે ધન્ય તે દિવસ કે જ્યારે ચારિત્રદશા અંગીકાર કરીએ.

## સમ્યક્ત્વ

સમ્યગ્દર્શન થયું હોય તો ચારિત્ર કેમ નથી લેતા? માટે સમ્યગ્દર્શન પણ નથી, –એમ ચારિત્રના અભાવમાં સમ્યક્ત્વનો પણ અભાવ માને, તો તેને સમ્યક્ત્વના સ્વરૂપની ખબર નથી, તે પણ મિથ્યાદ્રષ્ટિ છે. સમ્યગ્દર્શન હોય, ચારિત્રદશાની ભાવના હોય અને છતાં હજારો–લાખો વર્ષો સુધી ચારિત્રદશા લઈ ન શકે ને ગૃહસ્થદશામાં રહે; તોપણ તેને સમ્યગ્દર્શન છે અને તે મોક્ષના માર્ગમાં છે.

## મોક્ષમાર્ગમાં સમ્યક્ત્વની પ્રધાનતા

આચાર્યદેવ કહે છે કે હે જીવો! મોક્ષના પરમ સુખને માટે સમ્યક્ત્વને તમારું સાથીદાર બનાવો. રત્નત્રયરૂપી નૌકાને મોક્ષમાં લઈ જવા માટે સમ્યગ્દર્શન ખેવટીયા સમાન છે, મોક્ષમાર્ગમાં તે કર્ણધાર છે. સમ્યગ્દ્રષ્ટિના પરિણામમાં તો રાગથી પાર આત્માનો અનુભવ છે. તેને આત્મામાં એકાગ્રતાપૂર્વકના વ્રત–તપમાં કલેશ નથી લાગતો પણ આનંદની વૃદ્ધિ થાય છે. આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ ઓળખવું તે સમ્યગ્દર્શનની રીત છે. અરિહંતદેવના આત્માના શુદ્ધ દ્રવ્ય–ગુણ પર્યાયને ઓળખતાં પોતાના આત્માનો શુદ્ધ સ્વભાવ પણ ઓળખાય છે, ને મોહનો નાશ થઈને સમ્યક્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શન પામવાનો આવો સરસ ઉપાય કુંદકુંદ પ્રભુએ પ્રવચનસાર ગા. ૮૦ માં બતાવ્યો છે. તે સમ્યક્ત્વ અતીન્દ્રિય આનંદ સહિત છે. સમકિતીના હૃદયમાં ભગવાન બેઠા છે.

જેણે રાગથી જુદો પાડીને શુદ્ધ આત્માને જાણ્યો નથી, રાગમાં જ જે ઊભો છે, તે રાગમાં ઊભેલો અજ્ઞાની જીવ શાસ્ત્રાભ્યાસ કરે કે વ્રત–તપ કરે, તે બધુંય તેને કષ્ટરૂપ છે, તેમાં ક્યાંય જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવની અનુભૂતિનો આનંદ નથી. રાગમાં આનંદ ક્યાંથી હોય? કષ્ટ વગરનો એટલે કે રાગની આકુળતા વગરનો જે નિજાનંદસ્વભાવ, તેની ઓળખાણ વગર આનંદ થાય નહીં ને કષ્ટ મટે નહીં, માટે વીતરાગી દેવ–ગુરુ કેવા હોય અને તેમણે ઉપદેશેલા શુદ્ધ તત્ત્વનું સ્વરૂપ કેવું હોય, તે બરાબર ઓળખીને પહેલાં સમ્યગ્દર્શન કરવું જોઈએ, તેમજ પહેલાં આવા સમ્યગ્દર્શનનો ઉપદેશ દેવો જોઈએ; કેમકે તે જ ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શન થયા પછી મુનિધર્મ કે શ્રાવકધર્મ હોય, સમ્યગ્દર્શન વગર તે કોઈ ધર્મ હોય નહીં; માટે સમ્યગ્દર્શનનો પ્રધાન ઉપદેશ છે. મોક્ષના માર્ગમાં સમ્યક્ત્વની પ્રધાનતા છે.

પોતાનું હિત ચાહનારા જીવોને, શ્રીગુરુ પ્રથમ તો સમ્યગ્દર્શનનો ઉપદેશ આપે છે. આત્માનું સાચું સ્વરૂપ શું છે તે સમજીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે પ્રથમ કર્તવ્ય છે, કેમકે તે જ ધર્મનું મૂળ છે. આત્માના ભૂતાર્થ સ્વભાવની સન્મુખ થઈને તેની શ્રદ્ધા કરવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. જ્યારે આવું સમ્યગ્દર્શન પ્રકાશમાન થાય ત્યારે જ મોક્ષમાર્ગનો પ્રારંભ થાય છે. સમ્યગ્દર્શન હોતાં જ જ્ઞાન અને ચારિત્ર સાચાં થાય છે. સમ્યગ્દર્શન થતાંની સાથે જ સ્વસંવેદનરૂપ સમ્યગ્જ્ઞાન તથા સ્વરૂપાચરણચારિત્ર પણ થઈ જાય છે. તેથી સમન્તભદ્રસ્વામી રત્નકરંડ–શ્રાવકાચારમાં કહે છે કે–

दर्शनं ज्ञानचारित्रात् साधिमानमुपाश्नुते, दर्शनं कर्णधारं तन्मोक्षमार्गे प्रचक्षते।

જ્ઞાન અને ચારિત્ર પહેલાં સમ્યગ્દર્શનની ઉપાસનાં કરવામાં આવે છે, કેમકે સમ્યગ્દર્શન મોક્ષમાર્ગમાં કર્ણધાર છે–નાવિક છે. રત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ, તેના ખેવટિયા સમાન સમ્યગ્દર્શન છે; તેના વગર જ્ઞાન–ચારિત્રમાં સમ્યક્પણું આવતું નથી, માટે તેની મુખ્યતા છે. એ જ વાત પં. દૌલતરામજીએ છહ્ઢાળામાં પણ કહી છે કે–

मोक्षमहलकी परथम सीडी, या विन ज्ञान-चरिता-
सम्यक्ता न लहे, सो दर्शन धारो भव्य पवित्रा ।

—માટે કહ્યું કે પહેલાં સમ્યગ્દર્શનનો ઉપદેશ કર્તવ્ય છે. વિશેષપૂજ્ય ચારિત્રદશા છે, પણ તે ચારિત્રદશાનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર ચારિત્ર હોતું નથી, માટે પહેલો ઉપદેશ સમ્યગ્દર્શનનો કરવો જોઈએ. સમ્યગ્દર્શન પછી, મુનિધર્મનો ઉપદેશ પહેલાં દેવો; ને જેનાથી મુનિધર્મ અંગીકાર કરી ન શકાય તેને શ્રાવકધર્મનો ઉપદેશ દેવો–એમ પુરુષાર્થસિદ્ધિઉપાયમાં ઉપદેશનો ક્રમ કહ્યો છે. –પણ પહેલાં સમ્યગ્દર્શન તો મુખ્ય રાખીને તે વાત છે. સમ્યગ્દર્શન વગર સીધો મુનિદશાનો ઉપદેશ દેવા માંડે–એ તો ક્રમભંગ ઉપદેશ છે. સમ્યગ્દર્શનની જેમાં પ્રધાનતા ન હોય તે ભગવાનનો ઉપદેશ નથી. ભગવાને તો સમ્યક્ત્વની પ્રધાનતાવાળો ઉપદેશ આપ્યો છે. 'સમકિત જેનું મૂળ છે તે ધર્મ જિનઉપદિષ્ટ છે' એમ જાણીને હે ભવ્ય જીવો! તમે પ્રથમ જ સમ્યક્ત્વની આરાધના કરો.

## રામ, હનુમાન ને મહાવીર

**પ્રશ્ન :-** રામ, હનુમાન ને મહાવીર એ બધાયને સરખાં કહી શકાય?

**ઉત્તરઃ-** હા; તે ત્રણેય મહાત્માઓએ આત્માને ઓળખીને વીતરાગ થઈને મોક્ષદશા પ્રાપ્ત કરી છે, તેથી તેમને સરખાં કહી શકાય. 'નમો સિદ્ધાણં' એમ આપણે બોલીએ તેમાં મહાવીર ભગવાનની જેમ રામ અને હનુમાનને પણ નમસ્કાર આવી જ જાય છે, કેમકે તેઓ પણ મહાવીર જેવા જ સિદ્ધ ભગવાન છે. આ રીતે રામ કે હનુમાનને સાચા સર્વજ્ઞ–વીતરાગ ભગવાન તરીકે ઓળખવાને બદલે કોઈ તેમની ઓળખાણમાં ભૂલ કરતું હોય તો તેથી કાંઈ તેઓ આપણા ભગવાન મટી જતા નથી.

(સાચા દેવનું સ્વરૂપ સમજવા વીતરાગવિજ્ઞાન ભાગ બીજો વાંચો)

# ભેદજ્ઞાનરૂપી અમોઘ બાણ

## અહો, જ્ઞાનીના જ્ઞાન-વૈરાગ્ય આશ્ચર્યકારી છે

( ભાદ્ર વદ ૧૦ : સાગરવાળા શેઠ શ્રી ભગવાનદાસજીના બંગલામાં પ્રવચન )

આ નિર્જરાની શરૂઆત છે. નિર્જરા એટલે ધર્મ. આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ ધર્મીના અનુભવમાં આવ્યો છે એટલે પરદ્રવ્યમાં ક્યાંય તેને પ્રેમ નથી, પરદ્રવ્યમાં ક્યાંય તેને પોતાનો આનંદ દેખાતો નથી. આવા વિરક્તિભાવને લીધે તથા જ્ઞાનને લીધે ધર્મીને નિર્જરા થાય છે. રાગથી ભિન્ન શુદ્ધાત્માની અનુભૂતિથી ધર્મીને જે ભેદજ્ઞાન થયું છે તે અમોઘ બાણ જેવું છે, તે કર્મોને હણી નાંખે છે. શુદ્ધાત્માના અનુભવ વગર કદી કર્મબંધન અટકે નહીં.

અજ્ઞાનીને પરદ્રવ્યથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપનો અનુભવ નથી ને પર વિષયોમાં સુખ માને છે એટલે વિષયોના રાગમાં જ તે રક્ત છે, તેથી તેને બંધન થાય છે. રાગમાં લીન જીવો કર્મને બાંધે છે, અને રાગથી વિરક્ત થઈને શુદ્ધ જ્ઞાનમાં લીન જીવો મુક્તિ પામે છે. આ રીતે રાગ અને જ્ઞાનની ભિન્નતાનું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવે ઇન્દ્રિયભોગોથી પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે. હું અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવ છું; ઇન્દ્રિયોથી જુદો છું. આ રીતે ઇન્દ્રિયોથી જેણે પોતાની ભિન્નતા જાણી છે એવા જ્ઞાની ઇન્દ્રિયવડે વિષયોને કેમ ભોગવે ? એની જ્ઞાનપરિણતિ તો વિષયોથી વિરક્ત છે. છતાં 'જ્ઞાની ઇન્દ્રિયવડે પદાર્થોને ભોગવે છે' –એમ લોકોને બાહ્યદ્રષ્ટિથી દેખાય છે. ઇન્દ્રિયો જડ, તેના વિષયો જડ, તે બંને આત્માથી ભિન્ન છે; અજ્ઞાની પણ તે જડને તો નથી ભોગવતો, તે રાગમાં લીન થઈને રાગને જ ભોગવે છે. ને જ્ઞાની રાગાદિથી ભિન્ન એવા જ્ઞાનપણે જ પોતાને અનુભવતો થકો રાગાદિનો કે વિષયોનો ભોક્તા થતો જ નથી; એની પરિણતિ તો જ્ઞાનમય જ છે. જ્ઞાનીની આવી અંતર્પરિણતિને અજ્ઞાની લોકો ઓળખી શકતા નથી; એટલે તેને તો એમ જ દેખાય છે કે 'જ્ઞાનીએ રાગ કર્યો, જ્ઞાનીએ ક્રોધ કર્યો; જ્ઞાનીએ ખાધું.....' –પણ તે વખતે તે બધાયથી ભિન્નપણે જ્ઞાનીનું જ્ઞાન પરિણમી રહ્યું છે, તે જ્ઞાન તેને દેખાતું નથી. બાહ્ય વિષયોના ઉપભોગ વખતેય ધર્મીજીવને રાગથી ભિન્ન જે જ્ઞાનપરિણતિ વર્તે છે તેના બળે તેને નિર્જરા થયા જ કરે છે.

જ્ઞાનની ખરી કિંમત છે. ચૈતન્યના જ્ઞાન સહિત તીર્થંકર અવતરે છે, તેમનો અવતાર ધન્ય છે.... આ છેલ્લો અવતાર છે–એમ મહિમા કરીને ઇન્દ્રો એમના જન્મકલ્યાણકને ઊજવે છે. આનંદના હિલોળે ચડેલો, ચૈતન્યના આનંદમાં કિલ્લોલ કરતો તે આત્મા માતાના પેટમાં ત્રણ જ્ઞાન સાથે લઈને આવ્યો છે; ઇન્દ્રો કહે છે–હે માતા! તને પણ ધન્ય છે કે આવા રત્નને તેં તારી કુંખમાં ધારણ કર્યું છે. એ વખતેય ભગવાનના આત્માને દેહથી ભિન્ન આત્માનું ભાન વર્તે છે, દેહ અને રાગ વગર જ તેની ચેતનાનો પ્રવાહ ચાલી રહ્યો છે ને નિર્જરા જ થતી જાય છે. શુદ્ધ આત્મદ્રષ્ટિના પ્રતાપે ધર્મીને નિર્જરા જ થતી જાય છે. અજ્ઞાનીને રાગમાં એકત્વદ્રષ્ટિને કારણે બંધન જ થાય છે. આ રીતે દ્રષ્ટિ ક્યાં પડી છે તેના ઉપર બધી રમત છે. ઉપયોગ શુદ્ધાત્મામાં એકાગ્ર થયો ત્યાં નિર્જરા છે, ને ઉપયોગ રાગમાં એકાગ્ર થયો ત્યાં બંધન છે, –આ જૈનસિદ્ધાંતનું ટૂંકું રહસ્ય છે.

સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધાત્મદ્રષ્ટિમાં રાગાદિનો સ્વીકાર નથી, તેની જ્ઞાનચેતના પુણ્ય–પાપથી જુદી જ રહે છે, માટે તેને નિર્જરા જ થયા કરે છે. પૂર્વકર્મનું ફળ ઉદયમાં આવીને નિર્જરી જાય છે–કેમકે તે ઉદય વખતે જ તેનાથી ભિન્ન એવા શુદ્ધાત્મા ઉપર દ્રષ્ટિ વર્તે છે, એટલે તેમાં કર્મફળનો ભોગવટો ખરેખર નથી, પણ નિર્જરા જ છે. એ જ રીતે તે ઉદય પ્રસંગે કંઈક હર્ષ–શોક થાય, છતાં ધર્મીજીવ કર્મોથી બંધાતો નથી, પણ તે વખતેય હર્ષ–શોકથી ભિન્ન એવા શુદ્ધજ્ઞાનપણે જ પોતાને અનુભવતો થકો નિર્જરા જ કરે છે. ભેદજ્ઞાનનું આ અદ્ભુત સામર્થ્ય છે; જ્ઞાનીની જ્ઞાનપરિણતિ સમસ્ત પરભાવોથી અત્યંત વિરક્ત થઈ ગઈ છે, તેથી તેનો વૈરાગ્ય પણ અદ્ભુત છે. , રાગનો એક અંશપણ તે જ્ઞાનપરિણતિમાં નથી. અહો! જ્ઞાનીના જ્ઞાન–વૈરાગ્ય આશ્ચર્યકારી છે. તે જ્ઞાન–વૈરાગ્યનું અદ્ભુત સામર્થ્ય કર્મની નિર્જરા જ કરી નાંખે છે; ઉદય અને જ્ઞાનને તે જુદા જ દેખે છે.

ધર્મી જીવને શુદ્ધાત્માના શ્રદ્ધા–જ્ઞાનરૂપ અમોઘ બાણ એવું છે કે આસ્રવોને હણી નાંખે છે, જ્ઞાન–વૈરાગ્યરૂપી રામબાણ વડે નવા કર્મોને રોકીને, કર્મોની પણ નિર્જરા કરી નાંખે છે. ધર્મીની ભેદજ્ઞાન પરિણતિનું અચિંત્ય સામર્થ્ય છે. આવા ભેદજ્ઞાનને ઓળખીને અંતરમાં વારંવાર તેનો અભ્યાસ કરવા જેવું છે.

# હું એક જ્ઞાયકભાવ છું

( નિર્જરા અધિકારના પ્રવચનોમાંથી )

**ધર્મી-સમ્યગ્દ્રષ્ટિને નિર્જરા જ થાય છે;- કયા કારણે તેને નિર્જરા થાય છે?-તે અહીં સમજાવે છે. કર્મના ઉદયભાવોથી ભિન્ન એવા એક જ્ઞાયક ભાવપણે જ ધર્મી પોતાને અનુભવે છે, રાગના અંશને પણ પોતાના જ્ઞાયકભાવમાં ભેળવતા નથી, તેને પોતાથી ભિન્ન જાણે છે તેથી રાગ પ્રત્યે અત્યંત વિરક્ત છે, -આમ ભેદજ્ઞાન સહિતના વૈરાગ્યને કારણે ધર્મીને નિર્જરા જ થાય છે. એવા ધર્મીની દશાનું આ વર્ણન છે.**

ક્ષણેક્ષણે જેને અનંત કર્મોની નિર્જરા થયા કરે છે એવા ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જીવ, સમસ્ત પરથી ભિન્ન, કર્મના ઉદયવિપાકોથી તદ્દન જુદો, સંયોગોથી જુદો, તેમજ કંઈક રાગાદિ ભાવો થતા હોય તેનાથી પણ જુદો, એક જ્ઞાયકસ્વભાવપણે જ પોતાને અનુભવે છે; કર્મનો વિપાક તે મારો સ્વભાવ છે જ નહીં–એમ તેને પોતાથી ભિન્નપણે અનુભવે છે. સંયોગોની ભીડના ભીડામાં તેનું જ્ઞાન ભિંસાઈ જતું નથી, તેનાથી જુદું ને જુદું જ રહે છે. રાગ–દ્વેષના ભાવો થયા ને જ્ઞાનમાં જણાયા, ત્યાં પણ ધર્મીનું જ્ઞાન તે ઉદયભાવોથી લેપાઈ જતું નથી. આવા ભિન્ન જ્ઞાનનો અનુભવ તે જ ધર્મીના માપનું 'થર્મોમીટર' છે. એવા જ્ઞાનવડે જ ધર્મી ઓળખાય છે.

બાપુ! આવા જ્ઞાનના સંસ્કાર આત્મામાં પાડવા જોઈએ. આ જ્ઞાનના એવા દ્રઢ સંસ્કાર આત્મામાં નાંખવા જોઈએ કે સમ્યગ્દર્શન પામ્યે છૂટકો. અને પછી પણ એના જ સંસ્કારના બળથી કેવળજ્ઞાન લીધે છૂટકો. આવા જ્ઞાન વગર આ સંસારમાં ક્યાંય કોઈ શરણ નથી. આવું જ્ઞાન થતાં જીવને સર્વે પરદ્રવ્યો અને પરભાવોથી અત્યંત વિરક્તિ થાય છે, એનું જ નામ વૈરાગ્ય છે; ધર્મી જીવને જ આવા જ્ઞાન–વૈરાગ્ય હોય છે.

જડ કર્મનો ઉદય અને તેના તરફના વલણવાળા રાગાદિ ભાવો, તે બંને

આસ્રવતત્ત્વ છે, જ્ઞાનતત્ત્વથી તે ભિન્ન છે–એવા ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાની તે ઉદયભાવોને છોડે છે ને ‘હું તો એક જ્ઞાયક ભાવ છું’ એમ અનુભવે છે. આવા અનુભવને લીધે તેને સંવર થાય છે, તેને કર્મનું બંધન થતું નથી પણ નિર્જરા જ થાય છે. જેમ કાદવના સંયોગમાં કે અગ્નિના સંયોગમાં સોનું તો સોનું જ રહે છે, તેમ કર્મના અનેકવિધ સંયોગમાં કે રાગાદિના સંયોગમાં પણ જ્ઞાનીનું જ્ઞાન તો જ્ઞાન જ રહે છે.

આવા જ્ઞાનસ્વરૂપ આત્મા, તે વિકલ્પથી વેદનમાં ન આવે, પણ અંતરના જ્ઞાનવડે જ તે સ્વસંવેદનમાં આવે છે. રાજપરિવાર વચ્ચે રહેલા ભરતચક્રવર્તી પોતાને તેનાથી ભિન્ન આવા જ્ઞાનસ્વરૂપે જ અનુભવતા હતા. આવા આત્માનો અનુભવ કર્યે જ જન્મ–મરણનો અંત આવે છે. નરકના સંયોગમાં રહેલા સમ્યગ્દ્રષ્ટિ જીવ તે સંયોગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવે છે; એ જ રીતે સ્વર્ગના વૈભવની વચ્ચે રહેલા સમ્યગ્દ્રષ્ટિ પણ પોતાને તે સંયોગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપે જ અનુભવે છે. ઈચ્છાઓ થાય તે પણ જ્ઞાનથી ભિન્ન છે. આ રીતે વિવિધ પ્રકારના જે ઉદય વિપાકો તે કોઈ મારો સ્વભાવ નથી, હું તો તેનાથી અલિપ્ત એવો એક જ્ઞાયકભાવ જ છું.–આવા જ્ઞાયકભાવમાં શુભાશુભનું વેદન નથી. પુણ્યનો ઉદય પણ આત્માનો ભાવ નથી, આત્માનો ભાવ તો જ્ઞાયક એક ભાવ છે. –એવા ભાવપણે જ ધર્મી પોતાને અનુભવે છે. આવો અનુભવ અને આવું ભેદજ્ઞાન તે ધર્મીજીવને નિર્જરાનું કારણ છે. ભોગોપભોગના કાળ વખતેય આવું ભેદજ્ઞાન તેને વર્તતું જ હોવાથી નિર્જરા પણ થયા જ કરે છે. થોડાક રાગાદિ ભાવ અને કર્મબંધન છે પણ તે રાગ અને કર્મ બંનેથી ભિન્નપણે જ, માત્ર જ્ઞાયકભાવ રૂપે ધર્મી પોતાને અનુભવે છે; પોતાને રાગપણે કે કર્મપણે તે અનુભવતા નથી, માટે જ્ઞાનરૂપે જ પરિણમતા ધર્મીને ખરેખર બંધન નથી.

અહા, એક પરમ જ્ઞાનભાવરૂપ આત્મદ્રવ્યને બધાથી ભિન્ન પાડીને અનુભવમાં લીધું છે; રાગના એક કણનું પણ જેમાં અસ્તિત્વ નથી એવા જ્ઞાનસ્વરૂપને અનુભવમાં લીધું ત્યાં રાગાદિ પ્રત્યે સંપૂર્ણ વિરક્તિ છે.–એ જ ધર્મીનો ખરો વૈરાગ્ય છે. રાગને પોતાપણે અનુભવ તેને વૈરાગ્ય કેવો? વૈરાગ્યના સ્વરૂપની તેને ખબર પણ નથી. રાગ અને જ્ઞાનની ભિન્નતાના ભેદજ્ઞાન વગર સાચો વૈરાગ્ય હોતો નથી. આવો વૈરાગ્ય જ્ઞાનીને જ હોય છે. આવા ભેદજ્ઞાન પછી જેમ જેમ જ્ઞાનમાં ઠરતો જાય છે તેમ તેમ રાગનો અભાવ થતો જાય છે. –આ જ મોક્ષનો ઉપાય છે. શુદ્ધ જ્ઞાનનો અનુભવ તે જ મોક્ષનું કારણ છે.

જ્ઞાનીની આવી દશા ઓળખાવતાં ૨૦૦ મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે–

**સુદ્રષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. (૨૦૦)**

ધર્મી જીવ જાણે છે કે મારા આત્માનું તત્ત્વ એક ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવરૂપ છે. આવા જ્ઞાયકભાવરૂપ મારી વસ્તુ છે તે સ્વભાવના ગ્રહણરૂપ છે અને પરભાવના ત્યાગરૂપ છે. આમ સ્વભાવ અને પરભાવની અત્યંત ભિન્નતાના વિવેકવડે આત્માનો અનુભવ થાય છે. આવા અનુભવને પુષ્ટ કરતો ધર્મી જીવ કર્મના વિપાકરૂપ સમસ્ત પરભાવોને છોડે છે. આ રીતે તે નિયમથી જ્ઞાન વૈરાગ્યસમ્પન્ન હોય છે.

જુઓ, આ ધર્માત્માની દશા! તેને સહજ જ્ઞાન–વૈરાગ્ય હોય છે. પરભાવોથી ભિન્ન પોતાને જ્ઞાયકસ્વભાવરૂપ અનુભવ્યો તે 'જ્ઞાન,' અને પરભાવોને ભિન્ન જાણીને તેનાથી અત્યંત વિરક્તિ થઈ તે વૈરાગ્ય; આવા જ્ઞાન–વૈરાગ્ય તે સમ્યગ્દ્રષ્ટિનું ચિહ્ન છે; ને તે જ નિર્જરાનું કારણ છે. જ્ઞાન બંધનું કારણ કેમ હોય? અને જ્યાં વૈરાગ્ય હોય ત્યાં બંધન કેમ થાય? રાગમાં રક્ત એવો અજ્ઞાની જીવ જ બંધાય છે.–૧૫૦ મી ગાથામાં આચાર્યદેવે એ વાત કરી છે કે–

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે;**
**એ જિનતણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો-વિષે.**

જે જ્ઞાનાનંદ સ્વભાવ છે તે આત્માનો સ્વભાવ છે, તેમાં એકાગ્ર થઈને રાગાદિ પરભાવોથી જે પાછો વળ્યો એવો વૈરાગી જીવ કર્મોથી છૂટે છે. અને આવા સ્વભાવને ભૂલીને શુભાશુભ રાગમાં જે રાચે છે તે કર્મોથી બંધાય છે.

અહો, સમસ્ત કર્મોથી જુદો હું તો જ્ઞાયકસ્વભાવ છું; તેમાં રાગનો સૂક્ષ્મ વિકલ્પ પણ નથી. જ્ઞાનના સામર્થ્યને ભૂલીને રાગમાં પોતાનું બળ માને છે,–તેનાથી લાભ માને છે, તેમાં તન્મયતા માને છે, તેને મિથ્યાશ્રદ્ધા–મિથ્યાજ્ઞાન–મિથ્યા આચરણરૂપ ત્રિદોષનો મોટો રોગ થયો છે; પોતાનું સ્વતત્ત્વ શું છે તેની તેને ખબર નથી. ધર્મી તો સ્વસન્મુખ થઈને, સ્વભાવનું ગ્રહણ અને પરભાવના ત્યાગવડે પોતાના શુદ્ધ સ્વતત્ત્વને જાણે છે, એટલે કે અનુભવે છે. રાગાદિ પરભાવોને જે પોતાના સ્વભાવથી જુદા પણ ન જાણે તેને પરભાવનો ત્યાગ કેવો? ને પરભાવના ત્યાગ વગર સ્વભાવનું ગ્રહણ કેવું? સ્વભાવના ગ્રહણ વગર ધર્મ કેવો? રાગનો હું કર્તા, શુભરાગથી મને

લાભ–એવી જેની બુદ્ધિ છે તેને પરભાવનું ગ્રહણ છે, ને પરભાવનું ગ્રહણ તે જ બંધનું કારણ છે. રાગના એક અંશનેય જે જ્ઞાન સાથે ભેળવે છે તેને જ્ઞાનના સ્વરૂપની ખબર જ નથી, જ્ઞાન–આનંદમય સ્વઘરને ભૂલીને તે રાગાદિ પરઘરમાં ભમી રહ્યો છે, સ્વતત્ત્વની તેને ખબર નથી; એવો અજ્ઞાની શુભરાગની ગમે તેટલી ક્રિયાઓ કરે તોપણ જરાય ધર્મ તેને થતો નથી. તેને સ્વભાવનો વિસ્તાર નથી, પણ પરભાવનો જ પથારો છે.

ધર્મી તો રાગથી ભિન્ન એવા જ્ઞાનમય નિજસ્વભાવને જ સ્વતત્ત્વપણે અનુભવતો થકો તેનો વિસ્તાર કરે છે, તેને પર્યાયમાં પ્રસિદ્ધ કરે છે.–તેમાં શુદ્ધતાની વૃદ્ધિ છે. અશુદ્ધતાની હાની છે ને કર્મોની નિર્જરા છે.–આનું નામ મોક્ષમાર્ગ છે. શુદ્ધતાની જ્યાં વૃદ્ધિ નથી, અશુદ્ધતાની જ્યાં હાની નથી ને કર્મોની જ્યાં નિર્જરા નથી ત્યાં મોક્ષમાર્ગ કેવો ? જ્ઞાયકસ્વભાવ હું છું–એવું નિજસ્વરૂપ જાણ્યા વગર શુદ્ધતા થાય નહિ, અશુદ્ધતા મટે નહીં ને કર્મો છૂટે નહીં, એટલે તેને મોક્ષમાર્ગ હોય નહિ.

રાગને છોડવો એટલે રાગને પોતાથી ભિન્ન જાણવો. ભિન્ન જાણે તેને પોતામાં ગ્રહણ કેમ કરે ? પોતાનો આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છે, તે રાગ વગર જ જીવનારો છે, ટકનારો છે. તેના સ્વભાવનો અનુભવ નીરાકુળ આનંદમય છે, ને રાગનો અનુભવ તો દુઃખરૂપ આકુળતામય છે. –આવા ભેદજ્ઞાન વડે પરભાવોને છોડીને, જ્ઞાનાનંદમય નિજભાવને ધર્મી જીવ શ્રદ્ધા–જ્ઞાનમાં લ્યે છે ને તેને જ પોતાપણે સદાય અનુભવે છે. રખડતા રામને આરામનું સ્થાન તો આવો આત્મા છે, એ સિવાય બીજું કોઈ આરામનું કે સુખનું સ્થાન નથી.

સમકિતી જીવને રાગથી ભિન્ન જ્ઞાયકનો અનુભવ છે. એટલે રાગથી ભિન્ન પરિણમન થયું છે; આવા શુદ્ધપરિણમનને લીધે તેને નિર્જરા થાય છે.–આ રીતે સમકિતી જીવની નિર્જરા બતાવી. ત્યાં કોઈ અજ્ઞાની જીવ રાગમાં રત હોવા છતાં, રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ ન હોવા છતાં, એમ માને કે હું પણ સમ્યગ્દ્રષ્ટિ છું ને મને પણ બંધન થતું નથી, –તો તે જીવ સ્વચ્છંદી છે, કદાચ તે વ્રત–તપ વગેરે કરતો હોય તોપણ મિથ્યાત્વને લીધે તે પાપી જ છે; આત્મા અને અનાત્માની ભિન્નતાનું તેને ભાન નથી, જ્ઞાન અને રાગની ભિન્નતાની તેને ખબર નથી; વ્રતાદિના રાગમાં એકાકાર વર્તતો થકો પોતાને સમ્યગ્દ્રષ્ટિ માને છે, પરંતુ હજી મિથ્યાત્વનું પાપ

પણ તેને છૂટયું નથી. મિથ્યાત્વ સેવે અને એમ માને કે મને બંધન થતું નથી,–તો એથી કાંઈ બંધન અટકી નહીં જાય, જ્યારે આત્માનો સ્વભાવ જાણીને અને રાગાદિ પરભાવોથી ભેદજ્ઞાન કરીને, શુદ્ધજ્ઞાનપણે પરિણમશે ત્યારે જ બંધન અટકશે, ને ત્યારે જ સાચી નિર્જરા થશે. ત્યાંપણ જેટલો રાગ છે તેને તો તે બંધનું જ કારણ સમજે છે; પણ જ્ઞાનથી તેને ભિન્ન જાણે છે તેથી તે રાગ પ્રત્યે તેને વિરક્તિ છે, અને તે વખતેય તેને નિર્જરા ચાલુ જ છે. શુભરાગ છે તે પુણ્ય છે, પણ તેની સાથે અજ્ઞાનીને જે મિથ્યાત્વ છે તે મોટું પાપ છે; અને તે રાગ વખતે સમકિતીને રાગથી પાર ચિદાનંદ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાનપૂર્વકની જે નિર્મળ પરિણતિ વર્તે છે,–તે મહાન નિર્જરાનું કારણ છે. અજ્ઞાનીને શુદ્ધપરિણતિ તો છે નહિ, રાગથી જુદો આત્મા તેને શ્રદ્ધા–જ્ઞાનમાં કે અનુભવમાં આવ્યો નથી, રાગમાં જ તે વર્તે છે–તો તેને વૈરાગ્ય કેવો ? ને નિર્જરા કેવી ? પર જીવની દયાના જરાક શુભ પરિણામ થાય ત્યાં અજ્ઞાની એમ માને છે કે આ શરીરની ક્રિયા મારી છે, –તે મિથ્યાત્વ; પરજીવને મેં બચાવ્યો એવી માન્યતા તે મિથ્યાત્વ; અને શુભરાગ થયો તે મારા જ્ઞાનનું કાર્ય છે અથવા તે રાગથી મને ધર્મ થયો–એમ માને છે તે પણ મિથ્યાત્વ છે. આ રીતે મિથ્યાત્વનું સેવન તે પાપ છે. શુભરાગ પોતે મિથ્યાત્વ નથી પણ તે વખતે તેનાથી ભિન્ન જ્ઞાનસ્વભાવને ભૂલીને અજ્ઞાનીની જે મિથ્યા માન્યતા છે તે મિથ્યાત્વ છે અને તે મહાપાપ છે. –પછી ભલે તે જીવ વ્યવહાર વ્રતસમિતિ પાળતો હોય, તેથી કાંઈ મિથ્યાત્વનું પાપ મટી ન જાય. મિથ્યાત્વનું પાપ તો ત્યારે જ છૂટે કે જ્યારે પરભાવોથી અત્યંત ભિન્ન એવા એક જ્ઞાયકભાવપણે પોતાને અનુભવે. આવો અનુભવ કરવો તે જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ કહો કે સંવર–નિર્જરા કહો, તેની આ રીત છે.

અહો, ભેદજ્ઞાનની આ સરસ વાત છે. શેઠાઈ એટલે કે શ્રેષ્ઠતા તો આવા ભેદજ્ઞાનથી છે. આ સિવાય પૈસા વગેરેથી પોતાની શ્રેષ્ઠતા માનવી તેમાં તો આત્માની હીનતા છે, અજ્ઞાન છે. જગતમાં શ્રૈષ્ઠ હોય તો ભેદજ્ઞાન અને શુદ્ધઆત્માનો અનુભવ કરવો તે જ છે; એનાથી ઊંચુ બીજું કાંઈ નથી.

જ્ઞાનીએ પોતાના જ્ઞાનસ્વભાવને સમસ્ત શુભાશુભ રાગથી ભિન્ન જાણ્યો છે, એટલે તે રાગને મટાડવાનો તેનો પ્રયત્ન છે, તે રાગને વધારવાનો તેનો પ્રયત્ન નથી. રાગથી ભિન્નતાનું ભાન કર્યું તે જ રાગને ટાળી શકે. રાગને પોતાના સ્વભાવમાં ખતવે તે તેને કેમ ટાળી શકે ? ધર્મીએ રાગથી ભિન્નતા જાણીને જ્ઞાનસ્વભાવના

વીતરાગી આનંદનો અનુભવ કર્યો છે, એટલે તે આનંદ સાથે સરખાવતાં શુભરાગ પણ તેને રોગ જેવો લાગે છે, ને શુદ્ધતાના પરિણમન વડે તે રાગને તે મટાડવા માંગે છે. અજ્ઞાનીને તો રાગથી ભિન્નતાનું ભાન નથી, વીતરાગી આનંદની ખબર નથી, તો તે રાગને કોની સાથે સરખાવશે? તે તો અશુભ છોડીને શુભરાગને સારો માનશે; પણ શુભરાગમાંય આનંદ નથી, તેમાં પણ આકુળતા છે–એની તેને ખબર નથી.

જ્ઞાની પોતાના જ્ઞાનાનંદસ્વભાવ પાસે સમસ્ત રાગને દુઃખરૂપ જાણે છે, રાગને જે ધર્મ માને તેને તો મિથ્યાત્વનું મહાન પાપ છે. મિથ્યાત્વનું પાપ છૂટયા વગર અવ્રતાદિ પણ છૂટે નહિ. અરે, પહેલાં જ્ઞાનસ્વરૂપ આત્મા કેવો છે? એની શાંતિ કેવી છે? અને રાગ કેવો છે? તેની ઓળખાણ તો કરો. તેની સાચી ઓળખાણ થતાં જ્ઞાન અને રાગનું પરિણમન જુદું પડી જાય છે.

તારે રાગ મટાડવો હોય તો પહેલાં રાગથી ભિન્નતા જાણ; રાગ વગરનું જ્ઞાનનું જીવન કેવું છે? તેને ઓળખ. રાગ સાથે એકત્વબુદ્ધિ રહે, તેનાથી લાભ માને, તેને કદી રાગ છૂટી શકે નહીં. રાગને છોડવાનો ઉપાય એક જ છે કે સ્વભાવસન્મુખ થઈને શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમવું. કોઈ કહે કે અશુભ તે તડકો છે ને શુભ તે છાયો છે, –તો કહે છે કે ભાઈ, એમ નથી; શુભ તે મંદ તડકો છે ને અશુભ તે તીવ્ર તડકો છે,–બંનેમાં તડકો છે. બંનેમાં આકુળતા છે, શાંતિની છાંયડી તો રાગ વગરના જ્ઞાનમાં છે, શુદ્ધજ્ઞાનપરિણમનમાં જ સાચી શાંતિ છે. રાગમાં તો અશાંતિ છે. શુદ્ધજ્ઞાનમાં જ સાચો છાયો ને સાચો વિસામો છે. અરે, શુભરાગની આકુળતામાં જે શાંતિ માને, તે અંદરમાં ઊતરીને રાગ વગરની શાંતિને ક્યાંથી અનુભવશે? જેણે અંદરમાં અતીન્દ્રિય શાંતિનો અનુભવ લીધો છે તે ધર્માત્માને શુભરાગનો એક વિકલ્પ પણ દુઃખરૂપ ભાસે છે; તે રાગનો તેને પ્રેમ નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવ ગૃહસ્થ દશામાં હોય, વ્રતાદિ ન હોય તોપણ તે રાગમાં રત નથી, રાગ પ્રત્યે તે વિરક્ત છે; કેમકે તેને રાગથી ભિન્નતા ને જ્ઞાનમાં જ એકતા વર્તે છે. અને મિથ્યાદ્રષ્ટિ જીવ ગૃહસ્થ હો કે વ્રત–મહાવ્રત પાળતો હોય તોપણ તે રાગમાં જ રત છે, રાગ પ્રત્યે તેને વિરક્તિ નથી, રાગમાં જ ઉપયોગની એકતા કરતો થકો તે બંધાય છે. જુઓ, જ્ઞાની કેમ છૂટે છે, ને અજ્ઞાની કેમ બંધાય છે તેનું આ રહસ્ય છે.

અરે, ચોરાશીના અવતાર તેમાં જીવને ક્યાંય સુખ નથી. ધર્મી પુત્ર–જેણે

આત્માને જાણ્યો છે ને સંસારથી વિરક્ત છે–તે પોતાની માતાને કહે છે કે હે માતા! આ સંસારમાં ક્યાંય મને ચેન નથી; આ સંસાર કલેશ અને દુઃખથી ભરેલો છે, તેનાથી હું હવે છૂટવા માંગું છું ને આનંદથી ભરેલો મારો આત્મા, તેને સાધવા હું વનમાં જવા માંગું છું; માટે હે માતા! દીક્ષા માટે મને રજા આપો. અમે આ સંસારમાં બીજી માતા નહીં કરીએ.–આ પ્રમાણે વૈરાગ્યવંત ધર્માત્મા આત્માને સાધવા ચાલી નીકળે છે. અંદર જેને રાગથી ભિન્ન આત્માનો અનુભવ છે તેની આ વાત છે. અંદરમાં મોક્ષનો માર્ગ જેણે જોયો છે તે તેને સાધે છે.

જ્ઞાની અને અજ્ઞાની જીવની પરિણતિમાં મોટું અંતર છે. તેને સમ્યગ્દ્રષ્ટિ જ જાણે છે. અધ્યાત્મનો ઉપદેશ વીતરાગી દ્રષ્ટિ કરાવીને વીતરાગભાવનું જ પોષણ કરાવે છે. નિશ્ચયતત્ત્વનું યથાર્થ સ્વરૂપ બતાવીને શુભરાગને પણ તે છોડાવે છે. અજ્ઞાની તે શુભરાગને મુક્તિનું સાધન માને છે એટલે તેનાથી પાર શુદ્ધ મોક્ષમાર્ગને તે સાધી શકતો નથી. અથવા નિશ્ચયના ભાન વગર શુભને છોડીને અશુભમાં સ્વછંદે વર્તે છે, તેને અધ્યાત્મ ઉપદેશની સમજણ જ નથી. અહો, અધ્યાત્મઉપદેશ શુદ્ધઆત્માનું સ્વરૂપ બતાવીને રાગમાં એકતાબુદ્ધિ સર્વથા છોડાવે છે. અને રાગમાં જ્યાં એકતાબુદ્ધિ છૂટી ત્યાં ધર્મીનું જ્ઞાન રાગથી ભિન્ન પરિણમવા લાગ્યું, તેથી તે જ્ઞાન– પરિણમનમાં રાગનો અભાવ જ છે, માટે જ્ઞાનીને રાગ નથી–એમ સમજવું. ધર્મીની આવી જ્ઞાનદશા તે નિર્જરાનું કારણ છે.

કલૈયાકુંવર જેવા આઠ આઠ વર્ષના રાજકુમારને, આત્માના ભાન સહિત વૈરાગ્ય થતાં આનંદમાં લીનતાની જ્યારે ભાવના જાગે છે, ત્યારે માતા પાસે જઈને દીક્ષા માટે રજા માગે છે કે હે માતા! આત્માના પરમ આનંદને સાધવા હું હવે જાઉં છું......હે માતા! સુખી થવા માટે હવે હું જાઉં છું.... માતાની આંખમાંથી આંસુની ધારા વહે છે ને પુત્રના રોમેરોમે વૈરાગ્યની છાયા છવાઈ ગઈ છે; તે કહે છે કે અરે માતા! જનેતા તરીકે તું મને સુખી કરવા માંગે છે; તો હું મારા સુખને સાધવા જાઉં છું, તું મારા સુખમાં વિઘ્ન ન કરીશ. બા! મારા આત્માના આનંદને સાધવા હું જાઉં છું, તેમાં તું દુઃખી થઈને મને વિઘ્ન ન કરીશ.....હે જનેતા! મને રજા આપ. હું આત્માના આનંદમાં લીન થવા માટે જાઉં છું.

ત્યારે, માતા પણ ધર્માત્મા છે તે પુત્રને કહે છે કે બેટા! તારા સુખના પંથમાં હું વિઘ્ન નહિ કરું. તારા સુખનો જે પંથ છે તે જ અમારો પંથ છે. માતાની

આંખમાં તો આંસુની ધાર ચાલી જાય છે ને વૈરાગ્યથી કહે છેઃ હે પુત્ર! આત્માના પરમ આનંદમાં લીનતા કરવા માટે તું જાય છે, તો તારા સુખના પંથમાં હું વિઘ્ન નહિ કરું.....હું તને નહિ રોકું......મુનિ થઈને આત્માના પરમ આનંદને સાધવા માટે તારો આત્મા તૈયાર થયો છે, તેમાં અમારું અનુમોદન છે. બેટા! તું આત્માના નિર્વિકલ્પ આનંદરસને પી. અમારે પણ એ જ કરવા જેવું છે. –આમ માતા પુત્રને રજા આપે છે.

અહા! આઠ વર્ષનો કલૈયોકુંવર જ્યારે વૈરાગ્યથી આ રીતે માતા પાસે રજા માંગતો હશે, ને માતા જ્યારે વૈરાગ્યપૂર્વક તેને સુખપંથે વિચરવાની રજા આપતી હશે –એ પ્રસંગનો દેખાવ કેવો હશે!!

પછી એ નાનકડો રાજકુંવર જ્યારે દીક્ષા લઈને મુનિ થાય, –એક હાથમાં નાનકડું કમંડળ ને બીજા હાથમાં મોરપીંછી લઈને નીકળે,–ત્યારે તો અહા! જાણે નાનકડા સિદ્ધભગવાન ઉપરથી ઊતર્યા! વૈરાગ્યનો અબધૂત દેખાવ! આનંદમાં લીનતા! વાહ રે વાહ!! ધન્ય તારી દશા!

## વૈરાગ્ય સમાચાર

❀ જામનગરના શેઠશ્રી ફૂલચંદભાઈ પરસોત્તમ તંબોલી મુંબઈ મુકામે તા. ૧૩–૧૦–૬૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા દસેક દિવસથી તેમને લકવાની બિમારી થઈ ગયેલ. સોનગઢ તરફ આવે ત્યારે અવારનવાર ગુરુદેવના દર્શને પણ તેઓ આવી જતા. તેઓ ખૂબ પ્રતિષ્ઠિત ને ખાનદાન હતા. તેમના ધર્મપત્ની શ્રી છબલબેન, તથા તેમના પુત્ર શ્રી ધીરુભાઈ વગેરે પૂ. ગુરુદેવ પ્રત્યે ખૂબ ભક્તિ ધરાવે છે ને અવારનવાર સોનગઢ રહીને સત્સંગનો લાભ લે છે. સ્વર્ગસ્થ આત્મા વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં આત્મહિત પામો એ જ ભાવના.

❀ લીંબડીના ભાઈશ્રી હિંમતલાલ મોહનલાલ ભાદરવા વદી ૧૨ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા દિવસ સુધી તેઓ જિનમંદિરે ગયા હતા; ને બપોરે જમ્યા પછી એકાએક છાતીમાં દુખાવો થતાં બે મિનિટમાં સ્વર્ગવાસ પામી ગયા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં તેઓ આત્મહિત પામો.

❀ અમદાવાદના ભાઈશ્રી શ્રીપાલકુમાર (તે હરિલાલ એસ. દોશીનો પુત્ર) છ વર્ષની બાલવયમાં ઋષભદેવ ભગવાનનું નામ લેતાં લેતાં સ્વર્ગવાસ પામી ગયેલ છે. આ વર્ષે અમદાવાદમાં ઋષભદેવ ભગવાનના મોટા પ્રતિમાજીની પ્રતિષ્ઠા થઈ ત્યારથી તે ઋષભદેવ ભગવાનને ઘણીવાર યાદ કરતો, ને દર્શન કરવા પણ જતો. તેનો આત્મા વીતરાગી દેવ –ગુરુ–ધર્મની છાયામાં આત્મહિત પામો.

# આત્મા

## આત્મા અરૂપી અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે, અને તે જાણી શકાય છે

કોઈ અમુક પ્રકારના આત્મહિતના વિચાર કરે છે,
ત્યાં બીજો પુરુષ તેની સમીપમાં જ ઊભો છે.
તે પુરુષ આંખવડે દેખી નથી શકતો કે સામો શું વિચાર કરે છે?
તે પુરુષ કાનવડે સાંભળી નથી શકતો કે સામો શું વિચાર કરે છે?
તે પુરુષ જીભવડે ચાખી નથી શકતો કે સામો શું વિચાર કરે છે?
તે પુરુષ નાકવડે સૂંઘી નથી શકતો કે સામો શું વિચાર કરે છે?
તે પુરુષ હાથ વગેરેથી સ્પર્શીને પણ નથી જાણી શકતો કે સામો શું વિચાર કરે છે?

આ રીતે પાંચ ઇન્દ્રિયોમાંથી કોઈ પણ ઇન્દ્રિયવડે વિચાર જાણી શકાતા નથી, છતાં સામે 'વિચાર' નું અસ્તિત્વ તો જરૂર છે.

આ ઉપરથી નક્કી થાય છે કે 'વિચાર' અને વિચાર કરનારું તત્ત્વ પાંચ ઇન્દ્રિયોથી પાર–અતીન્દ્રિય છે. તેનામાં સ્પર્શ નથી એટલે હાથ વગેરે દ્વારા તે જણાતા નથી; તેનામાં રસ નથી એટલે જીભવડે પણ તે જણાતા નથી, તેનામાં ગંધ નથી એટલે નાકવડે સુંઘીને પણ તે જણાતા નથી, તેનામાં શબ્દ નથી એટલે કાનવડે તે જણાતા નથી, અને તેનામાં રૂપીત્વ નથી એટલે આંખવડે તે વિચારનું કે વિચાર કરનારા તત્ત્વનું રૂપ દેખી શકાતું નથી. આ રીતે વિચાર અને વિચાર કરનારું તત્ત્વ સ્પર્શાદિ વગરનું અરૂપી છે. અરૂપી હોવાથી અતીન્દ્રિય છે.

વિચાર એ જાણપણામાંથી ઉદ્ભવતી એક ક્રિયા છે. પથ્થરમાં વિચારનો ઉદ્ભવ નથી કેમકે તેનામાં જાણપણું નથી. આ રીતે વિચાર કરનારું તત્ત્વ 'જ્ઞાનવાળું' છે.

ભાઈ, તારા અંતરમાં અનેકવિધ વિચાર ઉદ્ભવે છે ને? –હા; બસ એ વિચાર કરનારું તત્ત્વ તે જ તું; તું જ્ઞાનસ્વરૂપ છો, તું અરૂપી છો, તું ઇન્દ્રિયોથી પાર અતીન્દ્રિય છો.

ઇન્દ્રિયોથી પાર થઈને જ્ઞાનવડે જ તું તારા આત્માને લક્ષમાં લે.

## આત્મા અતીન્દ્રિય હોવા છતાં જાણી શકાય છે

વિચાર અતીન્દ્રિય છે છતાં સ્વસંવેદનથી પોતે પોતાના વિચારને પ્રત્યક્ષતૂલ્ય નિઃસંદેહ જાણી લે છે, કે અત્યારે હું આ વિચાર કરું છું; તો જે રીતે ઇન્દ્રિયો વગર પોતે પોતાના ઇન્દ્રિયાતીત વિચારને જાણી લે છે તે જ રીતે અતીન્દ્રિય આત્માને કેમ ન જાણે! આત્માની સન્મુખ થાય તો તેને પણ જરૂર જાણી શકાય છે. (સં.)

# નિજપદની પ્રાપ્તિ

**હે ભવ્ય! તારું નિજપદ શુદ્ધચૈતન્યમય છે; રાગ તે તારું નિજપદ નથી, એ તો પરપદ છે, એમાં રહેવું તને શોભતું નથી, માટે તે અપદ તરફથી ખસીને આ બાજુ શુદ્ધ ચૈતન્ય તરફ આવ....તે તારું સાચું પદ છે. -એ વાત સમજાવીને આચાર્યદેવ નિજપદની પ્રાપ્તિ કરાવે છે.**

પ્રથમ તો આચાર્યદેવે આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન કરાવ્યું. શુદ્ધઆત્માના અનુભવમાં રાગનું વેદન નથી. રાગ તો અનાત્મા છે; ને આત્મા તો જ્ઞાનમય છે. રાગના અભાવે પણ આત્મા ટકનારો છે, તે જ્ઞાન સાથે તન્મયપણે સદા રહેલો છે. આમ જ્ઞાન અને રાગની ભિન્નતા જાણે ત્યારે જ આત્મા અને અનાત્માનું ખરૂં ભેદજ્ઞાન થાય છે. જ્યાં સુધી આવું ભેદજ્ઞાન ન કરે અને રાગાદિ ભાવોને નિજભાવ માનીને અનુભવે ત્યાંસુધી તે જીવ રાગમાં જ રક્ત છે એટલે મિથ્યાદ્રષ્ટિ છે; નિજપદને ભૂલીને તે રાગમાં અંધપણે સુતો છે. એવા જીવને આ ૧૩૮ મા કળશમાં સંબોધન કરીને આચાર્યદેવ જગાડે છે ને નિજપદ બતાવે છે.–

હે ભાઈ! રાગને તારું નિજપદ માનીને પર્યાયે પર્યાયે તું રાગમાં જ સૂતો છે; નિજપદ રાગ વગરનું શાંત ચૈતન્યમય છે તેને ભૂલીને, અંધ થઈને તું રાગમાં લીન થઈ રહ્યો છે; પણ બાપુ! એ કાંઈ તારું સ્થાન નથી, રાગમાં કાંઈ તારો વિસામો નથી, રાગમાં તારું આસન શોભતું નથી; તારું સ્થાન શુદ્ધ ચૈતન્યમય છે, આનંદથી ભરેલું છે, તેમાં સ્થિર થઈને તેમાં વિસામો લે. શુભરાગ એ પણ કાંઈ વિસામાનું સ્થાન નથી. વિસામાનું સ્થાન તો તારો ચિદાનંદસ્વરૂપ આત્મા છે. આવા તારા નિજઘરમાં તું આવ....ને રાગાદિ પરઘરથી પાછો વળ.

શું રાજા ઉકરડામાં સુએ એ કાંઈ તેને શોભે? રાજાને તો સોનાનું હીરાજડિત સિંહાસન શોભે. –તેમ જગતમાં શ્રેષ્ઠ એવો આ ચેતનરાજા–તેને રાગનાં મલિન

અશુદ્ધ આસન શોભતા નથી, એ તો અપદ છે; ચેતનરાજાનાં બેસણાં રાગમાં ન હોય, એના બેસણાં તો આનંદના હીરા જડેલા શુદ્ધ ચૈતન્યપદમાં હોય. આવા તમારા નિજપદને હે જીવો! તમે ઓળખો. રાગના વેગે ચડેલા જીવોને હાકલ કરીને પાછા વાળે છે કે અરે પ્રાણીઓ! એ તરફથી તમે પાછા વળો......પાછા વળો. એ તો ભયનું સ્થાન છે; અભયસ્થાન તો ચૈતન્યપદ છે, તેમાં આવો....તેમાં આવો. સ્થિર રહેનારું આ તમારું શુદ્ધ ચૈતન્યપદ, તેમાં તમે વિશ્રામ કરો.....અજ્ઞાનથી પર્યાયેપર્યાયે રાગમાં એકાગ્ર હતા તે છોડીને હવે આ શુદ્ધચૈતન્યપદમાં પર્યાયેપર્યાયે એકાગ્રતા કરો. આ ચૈતન્યમય તમારું નિજપદ આનંદના નિધાનથી ભરેલું છે.

નિજપદ શું, અને પરપદ શું, તેની ઓળખાણ વગર અજ્ઞાની જીવ રાગાદિ પરભાવોમાં નિજપદ માનીને તેમાં જ બેભાનપણે સૂતો છે. –પર્યાયે પર્યાયે તે રાગમાં જ એકાગ્ર વર્તે છે; એક ક્ષણ પણ રાગથી જુદા જ્ઞાનને અનુભવતો નથી. એને કરુણાપૂર્વક જગાડીને આચાર્યદેવ ભેદજ્ઞાન કરાવે છે અને નિજપદ દેખાડે છે; હે ભાઈ! તું અંદરમાં જો કે કયા ભાવ તને તારા સ્વભાવપણે અનુભવાય છે? રાગાદિ ભાવો તો જ્ઞાનથી જુદા સ્વરૂપે અનુભવાય છે. ધર્મીની ચેતના જાગી છે, એટલે પર્યાયેપર્યાયે તેને જ્ઞાન અને રાગની ભિન્નતા જ અનુભવાય છે, એક ક્ષણ પણ રાગને નિજભાવપણે તે અનુભવતો નથી.

શ્રીગુરુ નિજપદ એટલે કે આત્માનું સાચું સ્વરૂપ બતાવે છે કે હે જીવો! તમે આ તરફ આવો......આ તરફ આવો....આ શુદ્ધ ચૈતન્યપદમાં નિવાસ કરો...તમારું પદ આ છે. શુદ્ધચૈતન્યધાતુનું બનેલું સ્થિર પદ કે જે આનંદમય નિજરસથી ભરેલું છે તે જ તમારું ઉત્તમ પદ છે. એના સિવાય જે અસ્થિર અશુદ્ધ રાગાદિ પરભાવો છે તે તમારું પદ નથી, માટે તેમાંથી આત્મબુદ્ધિ છોડો.

જેમ કોઈ મોટો પુરુષ રાજા વગેરે દારૂ પીને બેભાનપણે મલિન જગ્યામાં પડયો હોય, 'હું રાજા છું' એ ભૂલીને દારૂથી બેભાન થયેલો તે ઉકરડામાં પડયો હોય, ને કોઈ સજ્જન માણસ તેને સંબોધન કરીને જગાડે કે 'હે રાજા, ઊઠો! તમારું સ્થાન આ મલિન જગ્યામાં ન હોય; તમે તો રાજા છો, ને તમારું સ્થાન શુદ્ધ સુવર્ણમય ધાતુનું બનેલું છે, તેમાં કુધાતુની ભેળસેળ નથી ને તે અતિ મજબુત છે, તમારું આવું સ્થાન હું તમને બતાવું છું ત્યાં તમે આવો, ને તે સ્થાનમાં વિરામ કરીને આનંદિત થાઓ.'

તેમ જગતમાં શ્રેષ્ઠ મહાન પુરુષ એવો આ ચૈતન્ય–રાજા છે. પણ અનાદિ મોહથી બેભાનપણે, રાગાદિ અશુદ્ધભાવોને નિજરૂપ જાણી ભલા માની તેને જ પોતાનો સ્વભાવ

સમજીને તેમાં એકાકારપણે સુતો છે; ‘હું ચેતનરાજા છું’ એ ભૂલીને રાગાદિ પરભાવરૂપે જ પોતાને અનુભવે છે. વીતરાગમાર્ગી સન્ત તેને જગાડે છે; હે જીવ! તું જાગ. તારું પદ, તારું સ્થાન આ રાગ–દ્વેષ–મોહમાં ન હોય; તું તો ચૈતન્યરાજા છો, તારું પદ શુદ્ધ ચૈતન્યધાતુમય છે; તેમાં જડની કે રાગાદિ કુભાવોની ભેળસેળ નથી; અંદર વિકાર વગરની જે શુદ્ધ ચૈતન્ય ધાતુ છે તે ધ્રુવ–સ્થિર રહેનાર છે, તેમાં તારું નિજપદ છે; તે પદને તું અનુભવમાં લે; ને તેમાં સ્થિર થા. તારા આવા શુદ્ધ નિજપદમાં આનંદ ભરેલો છે, તે નિજપદને દેખતાં જ તને પરમ આનંદનો અનુભવ થશે.

શ્રી ગુરુએ નિજપદ બતાવીને તેનો અનુભવ કરવાનું કહ્યું; ત્યારે તેવા અનુભવ માટેની ધગશથી શિષ્ય પૂછે છે કે હે ગુરુદેવ! જે નિજપદનો અનુભવ કરવાનું આપે કહ્યું તે નિજપદ કયું છે? મારું નિજપદ કેવું છે? તે મને બતાવો.

એવી જિજ્ઞાસાવાળા શિષ્યને નિજપદ બતાવતા આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! આત્માના સ્વભાવપણે જે તન્મય અનુભવાય છે તે તારું નિજપદ છે. એ સિવાય આત્માના સ્વભાવમાં જે તન્મયપણે નથી અનુભવાતા પણ ભિન્નપણે અનુભવાય છે –એવા બધા દ્રવ્ય–ભાવોને તું અપદ જાણ, તે તારું સ્વરૂપ નથી એમ ઓળખીને તેને છોડ.

આ ભગવાન આત્માનો જે સ્વભાવ છે તે સ્થિર પરમાર્થ રસના સ્વાદથી ભરેલો છે. આવો જ્ઞાનસ્વભાવ જ અનુભવવા જેવો છે. એક જ્ઞાયકરસથી ભરેલો જેનો મહાસ્વાદ છે તે જ આત્માનું નિજપદ છે, તેમાં બીજા વિરુધ્ધ ભાવોની ભેળસેળ નથી. રાગાદિ કોઈ પરભાવો કે શરીરાદિ જડદ્રવ્યો આત્માના જ્ઞાનસ્વભાવ સાથે એકમેકપણે અનુભવાતા નથી; જ્ઞાનના સ્વાદમાં જડનો સ્વાદ નથી, જ્ઞાનના સ્વાદમાં રાગનો સ્વાદ નથી; જ્ઞાન તો મહાન આનંદમય ચેતનરસના સ્વાદથી ભરેલું છે. આવા જ્ઞાનમય નિજપદને હે ભવ્ય જીવો! તમે અનુભવમાં લ્યો.

**ધર્મીએ પોતાની પર્યાયને ધ્રુવમાં સ્થાપી છે.**
**ધ્રુવધ્યેયમાં પર્યાયની એકાગ્રતા તે ધર્મ.**

## અમે જિનવરનાં સંતાન

### નવા સભ્યોનાં નામ

| સભ્ય નં. | નામ | ગામ |
|---|---|---|
| ૨૩૮૪ A | અનીલાબેન વી. જૈન | કલકત્તા |
| ૨૩૮૪ B | હરેશકુમાર વી. જૈન | કલકત્તા |
| ૨૩૮૪ C | શોભનાબેન વી. જૈન | કલકત્તા |
| ૨૩૮૫ | દક્ષાબેન એચ. જૈન | સુરેન્દ્રનગર |
| ૨૩૮૬ | કાંતિલાલભાઈ જી. જૈન | સુરેન્દ્રનગર |
| ૨૩૮૭ | ડી. કે. જૈન | છિન્દવાડા |
| ૨૩૮૮ A | કીરણ આર. જૈન | મુંબઈ |
| ૨૩૮૮ B | વર્ષાબેન આર. જૈન | મુંબઈ |
| ૨૩૮૮ C | વિજયકુમાર આર. જૈન | મુંબઈ |
| ૨૩૮૯ | રંજનબાળા એચ. જૈન | અમદાવાદ |
| ૨૩૯૦ | સુધાબેન એસ. જૈન | વઢવાણ |
| ૨૩૯૧ | જગદીશચંદ્ર એમ. જૈન | મહુવા |
| ૨૩૯૨ A | વસંતકુમાર બાબુભાઈ જૈન | જાંબુડી |
| ૨૩૯૨ B | સુરેખાબેન બી. જૈન | જાંબુડી |
| ૨૩૯૨ C | દીપીકાબેન બી. જૈન | જાબુંડી |
| ૨૩૯૩ | મહેન્દ્રકુમાર વાડીલાલ જૈન | તલોદ |
| ૨૩૯૪ | પ્રકાશચંદ્ર જવેરીલાલ જૈન | દાહોદ |
| ૨૩૯૫ A | ભરતસિંહ દાજીભાઇ જૈન | વઢવાણ |
| ૨૩૯૫ B | દોલતસિંહ કનુભાઈ જૈન | વઢવાણ |
| ૨૩૯૬ A | મુકેશકુમારપુનમચંદ જૈન | અમદાવાદ |
| ૨૩૯૬ B | નીલેશકુમાર પુનમચંદ જૈન | અમદાવાદ |
| ૨૩૯૭ | હેમન્તકુમાર એચ. જૈન | અમદાવાદ |
| ૨૩૯૮ | પ્રફુલ્લકુમાર સી. જૈન | અમદાવાદ |
| ૨૩૯૯ A | રાજેશકુમાર કાંતીલાલ જૈન | લોણંદ |
| ૨૩૯૯ B | રૂપેશકુમાર કાંતીલાલ જૈન | લોણંદ |
| ૨૪૦૦ A | પારૂલતા બેન સવાઈલાલ જૈન | |
| ૨૪૦૦ B | ભારતીબાળા સવાઈલાલ જૈન | |
| ૨૪૦૦ C | મયુરેષકુમાર સવાઈલાલ જૈન | |
| ૨૪૦૦ D | જયબાળાબેન સવાઈલાલ જૈન | |
| ૨૪૦૦ E | અજયકુમાર સવાઈલાલ જૈન | |
| ૨૪૦૧ A | પ્રકાશકુમાર શાંતિલાલ જૈન | કલકત્તા |
| ૨૪૦૧ B | સંજીવકુમાર શાંતિલાલ જૈન | કલકત્તા |
| ૨૪૦૨ | દિપાવલીબેન પ્રતાપરાય જૈન | કલકત્તા |
| ૨૪૦૩ | શૈલેષકુમાર નથુભાઈ જૈન | વીજાપુર |

## બાળકો પોતાની ઉર્મિ વ્યક્ત કરે છે-

❀ કલકત્તાથી ભાઈશ્રી શાંતિલાલ કે શાહ ગુરુદેવપ્રત્યે ભક્તિભાવસહિત લખે છે કે ગુરુદેવના પ્રતાપે જ આત્માની ઓળખાણ કરવાનો અપૂર્વ અવસર મળ્યો છે. આત્મધર્મમાં ગુરુદેવની જીવનઝરમર વાંચી, વિચારી ને મનન કરી. બયાનામાં પ્રભુની મૂર્તિ સમક્ષ ગુરુદેવે જે ઉદ્ગારો કહ્યા તે અલૌકિક છે. શેષ જીવન ગુરુદેવની છત્રછાયામાં વીતે–એવી ભાવના છે. ગુરુદેવે ખાસ સમજાવ્યું છે કે આત્માની ઓળખાણ વગર તમામ ક્રિયાઓ વ્યર્થ જ છે.

❀ રખિયાલના કેટલાય સભ્યો લખે છે કે–આત્મધર્મ મળતાં જ અમોને ઘણો આનંદ થાય છે. જ્યાંસુધી આત્મધર્મનો અંક નથી મળતો ત્યાંસુધી બેચેની થાય છે; એટલે આત્મધર્મ માસિકના બદલે જો પંદર દિવસે મળે તો ઘણી મજા પડે. (ભાઈશ્રી, તમારી વાત તદ્દન સાચી છે. આ સંબંધી હજારો જિજ્ઞાસુઓના અભિપ્રાય સાથે સંપાદક પણ સહમત છે.)

❀ જોરાવરનગરથી કનકબાળા જૈન લખે છે–"ખરેખર માનવજીવન દુર્લભ છે; તેમાં

પણ ધર્મની આરાધનાવડે જીવનને ઉજ્વળ કરી સાર્થક કરવું તે માનવજીવનની ભવ્યતા છે. આવી પ્રેરણા આપતો સન્દેશ બાલવિભાગ દ્વારા પ્રાપ્ત થયો તેને હું વધાવું છું.....ને તે પૂર્ણ કરવાના પુરુષાર્થની નેમ રાખું છું. આત્મધર્મ વાંચતા ધાર્મિક ઉત્સાહ પ્રાપ્ત થાય છે; ને સાધર્મીભાઈઓ પ્રત્યે સ્નેહનું સીંચન થાય છે; ગુરુદેવ આપણને અધ્યાત્મઉપદેશ આપીને ધર્મની સાધનાનો અમીરસ પીવડાવે છે તેથી હું આપણને ધન્ય માનું છું. આપણો ધર્મધ્વજ સદા ફરકતો રહે–એ જ ભાવના.

❀ આત્મધર્મ વાંચવું અમને બહુ ગમે છે. પ્રશ્નોથી વિશેષ આનંદ આવે છે. આત્મધર્મ વાંચીને અમને બહુ જાણવાનું મળે છે ને દિનપ્રતિદિન ધર્મનો રસ વધતો જાય છે. આત્મધર્મ એ મોક્ષમાં જવાની સીડી છે.

(કોકિલાબેન તથા કલ્પનાબેનઃ વઢવાણ)

❀ વઢવાણથી રંજનબેન વાડીલાલ લખે છે કે–આત્મધર્મ આ કાળને વિષે લાયક જીવોને મધદરિયે દીવાદાંડી સમાન છે, તેમાંય બાળકોને પ્રશ્ન–ઉત્તરમાં ખૂબ જ ઉલ્લાસ જાગે છે.

❀ ઇન્દિોરથી મુકેશ જૈન લખે છેઃ આજે જગતમાં રોકેટની વાતો ચાલી રહી છે, પરંતુ ગુરુદેવ તો આપણને મોક્ષનગરીમાં પહોંચવા માટેનું રોકેટ બતાવી રહ્યા છે. આત્મધર્મમાં એ રોકેટના સમાચાર (સમ્યક્ત્વનું સ્વરૂપ) વાંચીને મોક્ષની મુસાફરીનો ઉત્સાહ જાગે છે.

❀ વઢવાણના નાનકડા સભ્ય ભારતીબેન ભાંગીતૂટી ભાષામાં પ્રમોદ વ્યક્ત કરતાં લખે છે કે હે ગુરુદેવ! અહો, અમારા ભાગ્યે આપ અમને મળ્યા. પંચમકાળે અમારા આત્માને આનંદ આવે એવો માર્ગ બતાડયો. તમે અમારા ઉપર ઉપકાર કર્યો, ને પાપમાંથી અમને મોક્ષમાં જવા માટે રસ્તો બતાવ્યો.

❀ કલકત્તાના સભ્ય જ્યોત્સ્નાબેન લખે છે–આત્મધર્મ વાંચી આનંદ થાય છે. બીજા નંબરે પાસ થવા છતાં મારું હૃદય સોનગઢ આવવા ઝંખે છે, કેમકે આ ભણતર કરતાં અધ્યાત્મ વિદ્યા જ સાચી છે. હું નિયમિત સમયસારની બે ગાથા અને પ્રશ્નોત્તરમાળામાંથી એક પ્રશ્નોત્તર દરરોજ મોઢે કરતી. મારા નાના ભાઈ–બહેન પણ અભ્યાસમાં મારી સાથે ભાગ લે છે.

બેન, ભારતભરમાં તમારી જેમ નાના–નાના બાળકો ઘરેઘરે ધાર્મિક અભ્યાસ કરતા હોય–એવા દિવસની રાહ જોઈએ છીએ. અલબત્ત, એનો એક અંશ શરૂ થઈ ચૂક્યો છે.

❀ અંક ૩૧૦ માં પૂછેલ પ્રશ્નોના જવાબ લખી મોકલનારા ૪૦૦ જેટલા જિજ્ઞાસુઓને ‘ભગવાન ઋષભદેવ’ (બાળકોનું આદિપુરાણ) પુસ્તક ભેટ મોકલવામાં આવ્યું છે.

# દુઃખથી છૂટવા સાત તત્ત્વને ઓળખો

જીવોને સાત તત્ત્વમાં ભૂલ અનાદિની છે, અને વળી કુગુરુઓના ઉપદેશ વડે તે પુષ્ટ થાય છે. આ ભૂલને દુઃખનું મૂળ સમજીને સાચા તત્ત્વજ્ઞાન વડે તેનો અભાવ કરવો જોઈએ.

ઉપયોગસ્વરૂપ આત્મા હું છું, ને મારી ચાલ પાંચ અજીવદ્રવ્યોથી જુદા પ્રકારની છે–એમ પોતાના ભિન્ન સ્વરૂપને સમજે તો અનાદિની ભૂલ મટે.

❀ જીવ પોતે ઉપયોગસ્વરૂપ છે–તેને તે જાણતો નથી.

❀ દેહાદિ અજીવ પોતાથી જુદું હોવા છતાં તેને પોતાનું માને છે.

❀ રાગાદિ આસ્રવો દુઃખદાયી હોવા છતાં તેને સુખરૂપ માનીને સેવે છે.

❀ પુણ્ય–પાપ બંને બંધનરૂપ હોવા છતાં પુણ્યબંધનને સારૂં માને છે.

❀ સંવરના કારણરૂપ જે જ્ઞાન–વૈરાગ્ય, તે તેને કષ્ટદાયક લાગે છે.

❀ ઇચ્છાના નિરોધવડે નિજશક્તિને પ્રગટ કરવારૂપ નિર્જરાને તે જાણતો નથી.

❀ પરમ નિરાકુળ આનંદસ્વરૂપ મોક્ષદશાને તે ઓળખતો નથી.

–આમ સાતે તત્ત્વોમાં અજ્ઞાનીને ભૂલ હોય છે. કોઈવાર શાસ્ત્રથી સાત તત્ત્વોને જાણે અને શાસ્ત્રઅનુસાર કહે, પણ અંદર પોતાના શુદ્ધસ્વરૂપના વેદન વગર તેને તત્ત્વમાં સૂક્ષ્મ ભૂલ રહી જાય છે. અંતરમાં પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરે ત્યારે જ તત્ત્વની સાચી શ્રદ્ધા ને સાચું જ્ઞાન હોય છે; ને પછી જ ચારિત્ર હોય છે. તેના વડે મોક્ષ પમાય છે.

અહા, મોક્ષદશા તો સર્વથા આનંદરૂપ છે, –જેમાં આકુળતાનો સર્વથા અભાવ છે; એકલો જીવ પોતાની શુદ્ધતા સહિત સદાકાળ બિરાજે છે, જેને રાગ–દ્વેષ નથી, શરીર નથી, ઈચ્છા નથી, ઇન્દ્રિયો વગર પરિપૂર્ણ જ્ઞાન છે, ને પદાર્થો વગર પરિપૂર્ણ સુખ છે. ઇન્દ્રિયો વગરનું પૂર્ણજ્ઞાન કેવું હોય તેની કલ્પના પણ અજ્ઞાનીને નથી આવતી, કેમકે તે તો ઇન્દ્રિયજ્ઞાનને જ અનુભવનારો છે, તેથી મોક્ષમાં અતીન્દ્રિયજ્ઞાનનું જે અસ્તિત્વ છે તે તેને ભાસતું નથી, એટલે મોક્ષમાં તેને જ્ઞાનનો અભાવ લાગે છે! અહા, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય સુખનું કોઈ અપાર મહાત્મ્ય છે, તેનું સ્વરૂપ ઓળખે તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો અંશ પોતામાં પણ પ્રગટી જાય.

ઇન્દ્રિયજ્ઞાનવડે એનું સ્વરૂપ સમજાય તેમ નથી. જે એકલા રાગમાં ને ઇન્દ્રિયજ્ઞાનમાં જ મગ્ન છે તે તો કાંઈક રાગાદિને સાધન બનાવીને તેનાથી મોક્ષ સાધવા મથે છે, પણ મોક્ષના સાચા ઉપાયની તેને ખબર નથી.

આ પ્રમાણે તત્ત્વની ભૂલ તે મિથ્યાત્વ છે; તે મિથ્યાત્વ જીવને મહાન દુઃખ દેનાર છે. માટે હે ભાઈ! તત્ત્વનું સાચું સ્વરૂપ જાણીને સમ્યગ્દર્શન વડે તેનો અભાવ કર.

## ચૈતન્યના ચમકારા

֍ બીજાની સામે જોવાની તો વાત દૂર રહો, ભગવાન કહે છે કે તારાં આત્મામાં જોવા માટે પણ જો જ્ઞાન તે આત્મા એવા ગુણ–ગુણી ભેદના વિકલ્પમાં ઊભો રહીશ તો તને તારો આત્મા દેખાશે નહિ, અનુભવાશે નહિ. સીધો અભેદ આત્મા ધ્યેયમાં લેતાં સમ્યગ્દર્શનાદિ થાય છે. ગુણભેદના વિકલ્પ વડે આત્મા સ્પર્શાતો નથી– –અનુભવાતો નથી. લિંગથી એટલે ગુણભેદથી જેનું ગ્રહણ થતું નથી તે 'અલિંગ–ગ્રહણ' છે. ગુણભેદમાં મનની ચંચળતા છે, તેના વડે આત્માનો શાંત અનુભવ થતો નથી. વિકલ્પની આડશને વચ્ચેથી કાઢી નાંખીને સીધા જ્ઞાન વડે અખંડ આત્મા અનુભવાય છે, એવો અનુભવ તે જ સાચો આનંદ છે. (ચર્ચા)

֍ 'પર્યાય નથી' એટલે કે પર્યાયનો ભેદ નથી. ભેદ પાડીને પર્યાયને લક્ષમાં લેતાં વિકલ્પ ઊઠે છે, ને એટલું જ દ્રવ્ય માને તો સાચું દ્રવ્ય પ્રતીતમાં આવતું નથી. એટલે પર્યાયના ભેદને આત્મા સ્પર્શતો નથી, તેના લક્ષે આત્મા અનુભવાતો નથી. સર્વ ભેદને ઓળંગીને અભેદપણે આત્માનો સાચો અનુભવ થાય છે.

֍ સમયસારની સાતમી ગાથામાં કહ્યું કે 'જ્ઞાનીને જ્ઞાન–દર્શન–ચારિત્ર નથી;' – ત્યાં અભેદના અનુભવમાં તે જ્ઞાન–દર્શન–ચારિત્રના ભેદ દેખાતા નથી, માટે એમ કહ્યું; પણ ધર્મીને તે નિર્મળ પર્યાયો તો છે. તેમ આત્મામાં જ્ઞાનાદિગુણો છે તો ખરા, પણ ગુણ–ગુણીના વિકલ્પ આત્માના સ્વરૂપમાં નથી. તે વિકલ્પનો નિષેધ સમજવો; ગુણનો અભાવ ન સમજવો. ગુણ–ગુણીની એકતાદ્રષ્ટિમાં સમ્યગ્દર્શનાદિ થાય છે. (ચર્ચા)

֍ આત્મા શુદ્ધ દ્રવ્ય છે તે ગુણવિશેષથી આલિંગિત નથી, ગુણવિશેષથી એટલે ગુણભેદના વિકલ્પો વડે આત્મા અનુભવમાં નથી આવતો, કેમકે ગુણ ને ગુણી જુદા નથી. ગુણનો ભેદ પાડતાં તો વિકલ્પ થાય છે, તેનાથી આત્મા પકડાતો નથી. વસ્તુ પોતે તો અનંત ગુણસ્વરૂપ છે. પણ 'આ વસ્તુ ને આ ગુણ' એમ ભેદથી જોતાં દ્રષ્ટિ ત્રૂટક થઈ જાય છે, અખંડ આત્મા તે દ્રષ્ટિમાં આવતો નથી, ને સમ્યગ્દર્શન થતું નથી. ભેદના વિકલ્પ વગરની અભેદ અનુભૂતિમાં આત્મા અનુભવાય છે.

# શાસ્ત્રભણતરનું ફળ

**પ્રશ્નઃ–** શાસ્ત્રભણતરનું ફળ શું?

**ઉત્તરઃ–** આત્મામાં વીતરાગતા થાય તે શાસ્ત્રભણતરનું ફળ છે.

**પ્રશ્નઃ–** કેટલાક લોકો એવા પણ હોય છે કે જેઓ શાસ્ત્ર તો ભણે છે છતાં રાગથી આત્માને લાભ થવાનું માને છે, તો શાસ્ત્રભણતરનું ફળ વીતરાગતા ક્યાં રહ્યું?

**ઉત્તરઃ–** જે લોકો રાગથી લાભ થવાનું માને છે તેઓ ખરેખર શાસ્ત્ર ભણ્યા જ નથી; ‘ભણ્યા પણ ગણ્યા નહિ’ તે ખરેખર શાસ્ત્ર ભણ્યા જ નથી. શાસ્ત્રો કાંઈ રાગથી લાભ થવાનું કહેતા નથી.

**પ્રશ્નઃ–** જ્ઞાનીને શાસ્ત્રોનું સમ્યગ્જ્ઞાન હોવા છતાં તેને પણ રાગ તો હોય છે, તો શાસ્ત્રભણતરનું ફળ વીતરાગતા ક્યાં રહ્યું?

**ઉત્તરઃ–** જ્ઞાનીને ચૈતન્યસ્વભાવના આશ્રયથી જેટલી વીતરાગતા થઈ છે તેટલું શાસ્ત્ર ભણતરનું ફળ છે, પણ જે રાગ રહ્યો છે તે કાંઈ શાસ્ત્રભણતરનું ફળ નથી. રાગ હોવા છતાં જ્ઞાની તેને નિજસ્વભાવપણે આદરતા નથી, એટલે તેને રાગનું પોષણ નથી પણ વીતરાગતાનું જ પોષણ છે આમ હોવાથી, રાગ હોવા છતાં જ્ઞાનીને શાસ્ત્રભણતરનો દોષ નથી. યથાર્થ જ્ઞાનનું ફળ જે શુદ્ધાત્માનો અનુભવ અને વીતરાગી આનંદ તે તો જ્ઞાનીને પ્રાપ્ત થયું જ છે.

**પ્રશ્નઃ–** શાસ્ત્રભણતરનું ફળ વીતરાગતા કઈ રીતે છે?

**ઉત્તરઃ–** શાસ્ત્રો સ્વ–પરનું ભેદજ્ઞાન કરાવે છે, અને તે ભેદજ્ઞાનનું ફળ વીતરાગતા છે; એ રીતે શાસ્ત્રભણતરનું ફળ વીતરાગતા છે. સાચા જ્ઞાન સાથે રાગ વગરનું આત્મિકસુખ પણ પ્રગટે છે.

આત્માનો શુદ્ધસ્વભાવ શું, અને પરભાવ શું, તેને યથાર્થ ઓળખનાર જીવની પરિણતિ ચોક્કસ પરભાવથી પાછી વળે છે ને શુદ્ધસ્વભાવ તરફ ઢળે છે, શુદ્ધસ્વભાવ તરફ ઢળવાથી જરૂર વીતરાગતા થાય છે. આ રીતે ભેદજ્ઞાનવડે જરૂર વીતરાગતા થાય છે, ને અતીન્દ્રિય આનંદ અનુભવાય છે.

(જ્યાં સુધી આવું ફળ ન પ્રગટે ત્યાંસુધી સમજવું કે શાસ્ત્રભણતરમાં ક્યાંય ભૂલ છે.

# ભેદજ્ઞાન-પુષ્પમાળા

( આગલા ૮૧ પ્રશ્નોત્તર માટે જુઓ આત્મધર્મ અંક ૩૦૮-૩૦૯ )

( ૮૨ ) જ્ઞાનીને જ્ઞાનમય ભાવનું જ કર્તાપણું કેમ છે?

કેમકે તેણે પોતાના આત્માને જ્ઞાનમય અનુભવ્યો છે, તેથી તેના જ કર્તા છે.

( ૮૩ ) જ્ઞાનીને રાગાદિ ભાવોનું કર્તાપણું કેમ નથી?

કેમકે જ્ઞાનમય ભાવમાં રાગાદિ પરભાવો નથી, તેથી તેના કર્તા નથી.

( ૮૪ ) અજ્ઞાની કેમ રાગાદિનો કર્તા થાય છે. ?

કેમકે જ્ઞાનમયભાવ અને અજ્ઞાનમયભાવ વચ્ચેની જુદાઈનું તેને ભાન નથી, તેથી તે અજ્ઞાનમય ભાવરૂપે પોતાને અનુભવે છે, અને તેનો કર્તા થાય છે.

( ૮૫ ) જીવ કેવા ભાવનો કર્તા થાય?

જે જીવ પોતાને જેવા ભાવરૂપે અનુભવે તેવા ભાવનો તે કર્તા થાય. જ્ઞાની પોતાને જ્ઞાનભાવરૂપે જ અનુભવતા થકા જ્ઞાનભાવને જ કરે છે; અને અજ્ઞાની પોતાને અજ્ઞાનભાવ ( રાગાદિ ) રૂપે જ અનુભવતો થકો અજ્ઞાનભાવને જ કરે છે.

( ૮૬ ) જ્ઞાનભાવને પણ કરે ને રાગને પણ કરે, એમ બંનેને કરે તો?

જ્ઞાન અને રાગ બંને ભાવો એકબીજાથી વિરોધી છે, એટલે તે બંનેનું કર્તાપણું એક સાથે રહી શકતું નથી.

( ૮૭ ) ભગવાન આત્મા કેવી વસ્તુ છે?

શુદ્ધ ઉપયોગસ્વરૂપ આત્મા આનંદથી ભરેલી વસ્તુ છે, તેમાં આનંદ ભર્યો છે; પણ ક્રોધાદિ ભાવો તેમાં ભર્યા નથી. આવી આત્મવસ્તુના અનુભવમાંથી જ્ઞાન અને આનંદની ઉત્પત્તિ થાય છે પણ ક્રોધાદિની ઉત્પત્તિ થતી નથી.

( ૮૮ ) આત્મા અને શરીર બંનેની ક્રિયા એક છે કે જુદી?

જુદી છે; આત્માની ક્રિયા ચેતન છે, શરીરની ક્રિયા જડ છે.

( ૮૯ ) જ્ઞાન અને રાગ બંનેની ક્રિયા એક છે કે જુદી?

જુદી છે. જ્ઞાનની ક્રિયા તો આત્માના સ્વભાવભૂત છે, તે મોક્ષનું કારણ છે. રાગની ક્રિયા પરભાવરૂપ છે ને બંધનું કારણ છે.

( ૯૦ ) રાગાદિ ભાવોનો અહંકાર જીવને ક્યારે છૂટે ?

રાગાદિથી ભિન્ન એવા નિજરસથી ભરપૂર અતીન્દ્રિય આનંદધામને જાણે ત્યારે રાગાદિમાંથી અહંકાર છૂટી જાય છે; જ્ઞાનને જ 'અહં' પણે અનુભવે છે.

( ૯૧ ) જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવ વગર શરીરનો ને રાગનો અહંકાર છોડી દ્યે તો ? કદી ન છૂટે. ક્યાંક તો જીવ 'અહંબુદ્ધિ' કરશે જ. અંતર્મુખ થઈને પોતે પોતાના જ્ઞાનમાં અહંબુદ્ધિ (એકત્વબુદ્ધિ) જેણે ન કરી તે ક્યાંક બીજે તો અહંબુદ્ધિ કરશે જ. –કાં સ્વમાં ને કાં પરમાં–એક ઠેકાણે તો જીવ પોતાપણું માનશે જ. સ્વમાં પોતાપણું તે સમ્યક્‌બુદ્ધિ છે. પરમાં પોતાપણું માનવું તે મિથ્યાબુદ્ધિ છે.

( ૯૨ ) મિથ્યાત્વસહિતની ક્રિયાઓ કેવી છે ?

તે 'મોક્ષની કાતરની' છે. સંસારનું જ કારણ છે.

( ૯૩ ) સમ્યગ્દ્રષ્ટિની ક્રિયા કેવી છે ?

ધર્મીજીવ રાગથી ભિન્ન ચેતનભાવરૂપ ક્રિયાને જ કરે છે; તે ક્રિયા મોક્ષનું કારણ છે.

( ૯૪ ) જીવનો ભાવ કેવો છે ?

જીવનો ભાવ જ્ઞાનમય છે, આનંદમય છે, પોતાના સ્વભાવનું યથાર્થ શ્રવણ–લક્ષ કરીને એકપણ ભાવને જીવ બરાબર કદી સમજ્યો નથી; જો આત્માનો એક ભાવ પણ બરાબર સમજે તો તેમાં અનંતસ્વભાવો ભેગા આવી જાય છે; ને સ્વભાવ વિભાવનું ભેદજ્ઞાન થઈ જાય છે.

( ૯૫ ) આત્માનું પરથી વિભક્તપણું સાધવા માટે શું કરવું ?

ભાઈ, તારા આત્માનું પરથી અત્યંત વિભક્તપણું સાધવા માટે તારા સ્વરૂપ –અસ્તિત્વનું તું પદેપદે અવધારણ કર; પર્યાયે–પર્યાયે સ્વ–પરના વિભાગને ખ્યાલમાં લે, ને સ્વરૂપ–અસ્તિત્વ તરફ વળ. તારું સ્વરૂપઅસ્તિત્વ સદાય ચેતનામય છે. રાગાદિમાં એવું ચેતકપણું નથી કે તે સ્વ–પરને જાણે; જાણવાનું સામર્થ્ય તેનામાં નથી, જાણવાનું સામર્થ્ય જ્ઞાનમાં જ છે. એવા જ્ઞાનસ્વરૂપને લક્ષગત કરીને તારા આત્માને પરથી અત્યંત જુદો અનુભવમાં લે.

( ૯૬ ) જીવને આ જડપ્રાણ વળગ્યા છે તે કેમ છૂટે ?

હે મુમુક્ષુ! તું તારા ચૈતન્યઘરમાં વસ; ચૈતન્યપ્રાણથી જીવંત એવા તારા સ્વતત્ત્વમાં વસતાં તને જડપ્રાણ નહીં વળગે. અશરીરી આત્મામાં લીન થતાં શરમજનક શરીરનું ધારણ કરવાનું છૂટી જાય છે.

જે જીવ શરીરમાં એકત્વબુદ્ધિ કરીને પરપરિણતિમાં રહે છે તેને જ શરીરાદિ જડપ્રાણ વળગે છે, જે જીવ ભેદજ્ઞાન કરીને નિજપરિણતિમાં રહે છે તેને જડપ્રાણો વળગતા નથી, તે દેહાદિની સંતતિ છેદીને અશરીરી સિદ્ધપદને પામે છે, ને ચેતન પ્રાણથી સદાય જીવે છે. –આવું જીવન એ જ આનંદ છે.

( ૯૭ ) જીવ પોતાના જ્ઞાન–આનંદરૂપ ભાવપ્રાણને બાધા કઈ રીતે કરે છે?

જીવ મોહાદિથી રંજિત અશુદ્ધ પરિણતિવડે પોતાના ભાવપ્રાણને બાધા કરે છે, પોતે જ અશુદ્ધતા વડે પોતાના જ્ઞાન–આનંદમય જીવનને હણે છે, ને ભાવમરણવડે દુઃખી થાય છે. જ્ઞાન–દર્શન–સુખ ને સત્તા એ જીવના ખરા પ્રાણ છે, તેને જે નથી અનુભવતો તે જીવ શરીરાદિ જડ પ્રાણોને ધારણ કરી કરીને સંસારમાં રખડે છે.

( ૯૮ ) આત્માને શરીર ધારણ કરવું પડે તે કેવું છે?

તે શરમજનક છે; અરે, આ અશરીરી અતીન્દ્રિય ચૈતન્યપ્રાણવાળા આત્માને મોહને લીધે શરીર અને ઇન્દ્રિયો ધારણ કરીને સંસારમાં રખડવું પડે તે કલંક છે –શરમ છે. જીવ જ્યાંસુધી ચિદાનંદસ્વરૂપને ભૂલીને શરીરાદિ બાહ્ય વિષયોમાં મમત્વપણે વર્તે છે, ત્યાંસુધી તે પૌદ્ગલિક પ્રાણને ધારણ કરી કરીને સંસારમાં રખડે છે.

( ૯૯ ) તે શરમજનક જન્મો કેમ ટળે?

જીવ જ્યારે પરદ્રવ્યોનું મમત્વ અને આશ્રય છોડીને, પરથી ભિન્ન પોતાના ચિદાનંદતત્ત્વનો જ આશ્રય કરીને તેને ધ્યાવે, ને અત્યંત શુદ્ધ થઈને પોતાના ઉપયોગસ્વરૂપ આત્મામાં એકમાં જ લીન થઈને રહે, ત્યારે તેને અશુદ્ધતાનો અભાવ થતાં પૌદ્ગલિક પ્રાણોની સંતતિ પણ છેદાઈ જાય છે, જડકર્મો કે જડ પ્રાણો તેને વળગતાં નથી એટલે તેને શરમજનક જન્મો ટળી જાય છે; ને આનંદમય સિદ્ધદશા પ્રગટે છે.

( ૧૦૦ ) હે ભાઈ! તારે તારા અતીન્દ્રિય જ્ઞાનાનંદમય જીવનને પ્રાપ્ત કરવું છે ને?

–હા; તો એવા અતીન્દ્રિય જ્ઞાન–આનંદમય જીવનને પ્રાપ્ત કરવા, એટલે કે સિદ્ધપદ પામવા માટે, તું દેહ અને ઇન્દ્રિયોનું મમત્વ છોડ, ને તેનાથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્મા જ હું છું–એમ જાણીને, તારા અતીન્દ્રિય ચૈતન્યને એકને જ ધ્યાવ. સિદ્ધપદનો સાક્ષાત્ આનંદ તને અનુભવાશે.

## આનંદની પ્રાપ્તિ અને સાત તત્ત્વની ઓળખાણ

આત્માને આનંદ જોઈએ છે ને? તો તે આનંદ ક્યાંય બહારમાં નથી, આત્મામાં જ આનંદ છે. માટે જ્ઞાની કહે છે કે 'જીવ! તું આત્મામાં ગમાડ......તું આત્મામાં સદા પ્રીતિવંત થા.' આત્માના જ્ઞાન વગરનું બધું દુઃખદાયક જ છે. સાત તત્ત્વોની બરાબર ઓળખાણ કરતાં તેમાં આત્માની ઓળખાણ આવી જાય છે. તે આ પ્રમાણે–

(૧) જીવ સદા ઉપયોગલક્ષણરૂપ છે– 'जीवो उवओगलक्खणो णिच्चं" તે શરીરાદિ અજીવથી જુદું તત્ત્વ છે.

(૨) પુદ્ગલ વગેરે અજીવ તત્ત્વો છે, તેમનામાં જ્ઞાન નથી. આ જીવ અને અજીવ બંનેના કામ જુદાં, પોતપોતામાં છે.

(૩) મિથ્યાત્વાદિ ભાવો છે તે આસ્રવ છે; પુણ્ય–પાપ બંને પણ આસ્રવમાં સમાય છે. તે આસ્રવભાવો જીવને દુઃખદાયક છે.

(૪) સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવવડે કર્મનો સંવર થાય છે. તે સમ્યગ્દર્શનાદિ ભાવો જીવને સુખરૂપ છે, મોક્ષનાં કારણ છે.

(૫) મિથ્યાત્વાદિ ભાવો તે બંધનાં કારણ છે; શુભરાગ તે પણ બંધનું કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

(૬) સમ્યગ્દર્શનપૂર્વકની શુદ્ધતાથી કર્મોની નિર્જરા થાય છે.

(૭) આત્માની પૂર્ણ શુદ્ધતા થતાં આકુળતાનો સર્વથા અભાવ થવો ને કર્મોથી આત્માનું છૂટી જવું તે મોક્ષતત્ત્વ છે. તે પૂર્ણ સુખરૂપ છે.

આ પ્રમાણે સાત તત્ત્વોને ઓળખીને તેમાંથી સમ્યગ્દર્શનાદિ સુખનાં કારણોને ગ્રહણ કરવાં ને દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિને છોડવાં. આ આનંદની પ્રાપ્તિનો ઉપાય છે.

**પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવાથી વિઘ્નનો નાશ કઈ રીતે થાય છે? તેનો ઉત્તમ એમ જાણવો કે-પોતાના હૃદયમાં પંચ પરમેષ્ઠીના સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને જે ભાવનમસ્કાર કરે છે તેને શુદ્ધભાવના પ્રભાવથી વિઘ્નના કારણરૂપ અંતરાય કર્મનો નાશ થઈ જાય છે.**

**-ભગવતી આરાધના ૨**

## ૨૬ મું વર્ષ પુરું થાય છે -

વીસમી શતાબ્દિનું એક વર્ષ, અને આ એકવીસમી શતાબ્દિના પચીસ વર્ષ, એમ 'આત્મધર્મ' ના છવ્વીસ વર્ષ આ અંકની સાથે પૂરા થાય છે, અને આગામી અંકે ૨૭ માં વર્ષમાં પ્રવેશ થશે.

ગુજરાતી અને હિંદી મળીને પાંચ હજાર જેટલી ગ્રાહક સંખ્યા અને પચીસ હજાર જેટલી વાચક સંખ્યા ધરાવતું 'આત્મધર્મ' પૂ. ગુરુદેવદ્વારા વીતરાગી જિનમાર્ગનો સન્દેશ લઈને આવતું હોવાથી સર્વે જિજ્ઞાસુઓને ખૂબ વહાલું છે. મોટા વિદ્વાનોની જેમ નાના બાળકો પણ તે ઉમંગથી વાંચે છે. જેવી ઉચ્ચ કક્ષાનો ગુરુદેવનો ઉપદેશ છે તેવી જ ઉચ્ચ કક્ષાનો વાચકવર્ગ છે–એ આત્મધર્મનું ગૌરવ છે.

પૂ. શ્રી કહાનગુરુદેવની મંગલ આશીષ ઝીલીને, તેમની મંગલ છાયામાં ચાલતું આ 'આત્મધર્મ' ચાર મુખ્ય ઉદ્દેશ ધરાવે છેઃ સૌથી પહેલું આત્માર્થીતાનું પોષણ (૨) દેવ–ગુરુ–ધર્મની સેવા (૩) સાધર્મીઓમાં વાત્સલ્યનો વિસ્તાર અને (૪) બાળકોમાં ધાર્મિક સંસ્કારનું સીંચન.–આપણા એ ચારેય ઉદ્દેશ સંતોષપૂર્વક પાર પડી રહ્યા છે. આમ છતાં હજી ઘણા ઘણા પ્રકારે આત્મધર્મના વિકાસ માટે અવકાશ છે; અને તે માટે સર્વે સાધર્મીબન્ધુઓનો સહકાર તથા સૂચનાઓ અમે સહર્ષ સ્વીકારીએ છીએ.

ચાલુ વર્ષમાં કેટલીક વિવિધતાઓ માટે પ્રયાસ કરેલ છે, અને આવતા વર્ષમાં પણ વિવિધતા માટે પ્રયત્ન કરીશું. કારણવશાત્ આ વર્ષમાં બાળકો માટેનું સાહિત્ય ઓછું અપાયું છે, –છેલ્લા બાર અંકમાં બાલવિભાગમાં માત્ર ૨૦ પાનાં જ આપી શકાયા હતા, આવતા વર્ષે તે તરફ વિશેષ ધ્યાન આપીશું–ને બાળકોને આનંદ કરાવશું.

અંતમાં એટલું કહીશું કે આત્મધર્મ આપણું સૌનું છે; સૌના સહકારથી તેનો જેટલો વધુ વિકાસ થાય તેટલી સૌની શોભા છે. એટલે સર્વે અધ્યાત્મપ્રેમી જિજ્ઞાસુઓના પ્રેમભર્યા સહકારની આશા રાખીએ છીએ; અને અત્યાર સુધી સહકાર આપનારા સૌનો આભાર માનીએ છીએ.

–બ્ર.હરિલાલ જૈન




એકવાર નદીકિનારે એક જ્ઞાનીધર્માત્મા બેઠા હતા; તેમની પાસે એક બાળક બેઠો હતો અને વાતચીત કરતો હતો.

❁ એવામાં ત્યાંથી કોઈ એક જીવ પસાર થયો....બાળકે ધર્માત્માને પૂછયું: આ કોણ છે? ધર્માત્માએ કહ્યું: ઈ બાંધે છે ઝાઝું પણ છોડે છે થોડું'–બાળક વિચારમાં પડી ગયો કે ઈ કોણ?

❁ ત્યાં તો બીજો એક જીવ આવીને **ધર્માત્માની સાથે જ બેઠો**.......બાળકે પૂછયું: આ કોણ? ત્યારે ધર્માત્માએ કહ્યુ: ઈ "છોડે છે ઝાઝું પણ બાંધે છે થોડું."

❁ હજી તો બાળક વિચાર કરે છે કે ઈ કોણ? –ત્યાં તો આકાશમાં ઉપર એક જીવને પસાર થતાં દેખીને તેના આશ્ચર્યનો પાર ન રહ્યો.....તરત જ તેણે પૂછયું: 'આ વળી કોણ? ધર્માત્માએ તે જીવ પ્રત્યે **હાથ જોડીને** કહ્યું: છોડે છે બધુંય પણ બાંધતા નથી જરાય' બાળકને થયું કે વિચાર કરીને હમણાં જ એને ઓળખી કાઢું.

❁ ત્યાં તો એક ચોથો જીવ તે બાળકના **લક્ષમાં આવ્યો,** અને તરત ધર્માત્માને પૂછયું કે ઈ કોણ? –ધર્માત્માએ આંખ મીંચીને કહ્યું: ઈ તો "બાંધતાય નથી ને છોડતાય નથી." બાળક વિચારમાં પડી ગયો કે ઈ કોણ?

❁ હજી પણ એ બાળક વિચારમાં જ છે.....ને એ ચારે જીવોને ઓળખવા મહેનત કરી રહ્યો છે......તમે એને મદદ કરશો?

## ❁ ચાર જીવોને ઓળખી કાઢો ❁

**(૧) બાંધે છે ઝાઝું પણ છોડે છે થોડું:**

**(૨) છોડે છે ઝાઝું પણ બાંધે છે થોડું:**

**(૩) છોડે છે બધુંય પણ બાંધતા નથી જરાય:**

**(૪) બાંધતાય નથી ને છોડતાય નથી:**

આત્મધર્મ Regd. No. G 182

## અભયપદ

- શિષ્ય પૂછે છેઃ હે નાથ! અભયપદની પ્રાપ્તિનો ઉપાય શું?
- શ્રી ગુરુ કહે છેઃ હે વત્સ! ઉપયોગને અંતર્મુખ કરીને આત્માનું અવલોકન કરતાં અભયપદ પમાય છે. આ આત્મા જ અભયધામ છે.

અભય આતમરામ છે,
ત્યાં બીજાનું શું કામ છે?

## ધર્મીનો ઉત્સાહ

ધર્મીનો ઉત્સાહ ચૈતન્યસ્વરૂપ તરફ વળી ગયો છે. રાગાદિ બહિર્‌ભાવો પ્રત્યે કે દેહાદિની ચેષ્ટા પ્રત્યે તેનો ઉત્સાહ છૂટી ગયો છે. –આવા ધર્મી જીવો આત્મિક ઉત્સાહ વડે અલ્પકાળમાં આનંદમય મોક્ષને સાધે છે.

卐

## બોધસ્વરૂપ

હું બોધસ્વરૂપ છું; અને જગતના
બધાય જીવો બોધસ્વરૂપ છે.
–આમ બોધસ્વરૂપ આત્માની ભાવના ભાવવી
તે વીતરાગતાનો ઉપાય છે.

## ગુલામી ક્યારે છૂટે?

દેહની ચેષ્ટાને પોતાની માનનાર અજ્ઞાની તો ઇન્દ્રિયોનો દાસ એટલે કે વિષયોનો ગુલામ થઈને વર્તે છે. ને દેહથી ભિન્ન આત્માને જાણનારા જ્ઞાની તો તે વિષયોથી ઉદાસ થઈને આત્માના અતીન્દ્રિય આનંદને ઉપાસે છે.

દેહથી આત્માની ભિન્નતા જાણે ત્યારે જ વિષયોની ગુલામી છૂટે.

## મોક્ષનું દ્વાર

- પુણ્યથી મોક્ષનું દ્વાર ખુલશે? ના,
- જો પુણ્યને મોક્ષનું કારણ માનીશ તો તારા મોક્ષનાં દ્વાર બિડાઈ જશે.
- મોક્ષનું દ્વાર તો, પુણ્ય–પાપ વગરનું સમ્યગ્દર્શન છે; તેનાથી જ મોક્ષનું દ્વાર ખુલશે.

## વીતરાગતા

ચૈતન્યસ્વરૂપ અવલોકનમાં રાગદ્વેષનો અભાવ છે તેથી ત્યાં કોઈ મિત્ર કે શત્રુ નથી.

ચૈતન્યધામ કે જ્યાં અન્ય દ્રવ્યનો અભાવ છે, તેના અવલોકનમાં કોનો રાગ? ને કોનો દ્વેષ? ત્યાં તો વીતરાગી આનંદની જ અનુભૂતિ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦